॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ ॥

એક નવા મંદિરનું નિર્માણ થઈ રહ્યું હતું. હજારો મજૂરો મૂર્તિઓ માટે પથ્થરો તોડવાનું કામ કરી રહ્યા હતા. ત્યાંથી પસાર થઈ રહેલા એક ફકીરે પથ્થર તોડતા એક મજૂરને પૂછ્યું : 'તમે શું કરો છો ?' તો ક્રોધથી તે બોલ્યો; 'તમે આંધળા છો ? તમને દેખાતું નથી ? હું પથ્થર તોડું છું ?' આટલું કહી, તે પાછો પથ્થર તોડવામાં લાગી ગયો. જાણે કોઈ પ્રતિશોધમાં સળગતો હોય, જીવનથી બદલો લેતો હોય !

ફકીરે થોડા આગળ જઈ બીજા મજૂરને પૂછ્યું. તો એણે ઉદાસ નેત્રે કહ્યું; 'બાળકો માટે રોજી-રોટી કમાઈ રહ્યો છું.' જાણે જિંદગીમાં કોઈ રસ ન હોય, ઉમંગ ન હોય. બોજો વહન કરતો હોય. એ બોજ વહેતાં વહેતાં જ સમાપ્ત થઈ જવાનું હોય ! એનામાં લાચારી, મજબૂરી ને દીનતા સ્પષ્ટ વરતાતાં હતાં.

ફકીર ત્રીજા મજૂર પાસે પહોંચ્યો. તો તે પણ પથ્થર જ તોડી રહ્યો હતો. પણ એની આંખમાં ચમક, ખુશી હતી. તે કોઈ ગીત ગણગણતો હતો. ફકીરના પ્રાણોમાંથી કોઈ સુગંધ છલકતી હતી. ફકીરના પ્રશ્નના ઉત્તરમાં તેના શબ્દોમાંથી જાણે ફૂલ ઝર્યાં, હસતાં હસતાં કહ્યું; 'ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું.'

ત્રણેનું કાર્ય એક છે. પણ દૃષ્ટિ ભિન્ન ! અણગમો, ક્રોધ, વેઠ, ઉદાસી, આનંદના-કર્તવ્યપ્રીતિના ત્રિવિધ દૃષ્ટિકોણો ત્યાં છે.

જીવનના મંદિરમાં પણ આવા ત્રણ પ્રકારના લોકો જોવા મળે છે. જીવનને આપણે જે રીતે જોઈએ છીએ તેવું રૂપ તે ધરે છે.

કેટલાકને જીવન દુઃખપૂર્ણ લાગે છે, કેટલાકને અર્થહીન ! ક્વચિત્ જ આનંદ-પ્રસન્નતાની ઝલક જોવા મળે છે. પણ જેની દૃષ્ટિમાં કૃતાર્થતા છે; તેનું જીવન ઝળહળ થઈ જાય છે.

**—એક બોધકથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા

## ॥ કર્પૂરવનમાં દર્શનપર્વ ॥

'દુલહિનિ ગાવહુ મંગલાચાર
હમારે ઘર આયે રાજા રામ ભરથાર !
તનરત કરિ મૈં, મનરત કરિ હોં
પાંચોતત્ત બારાતી
'રામદેવ' મોરે પહુને આયેં.'

—કબીરજી



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. ચૈત્રી નવરાત્રિપર્વનો પ્રારંભ | સંકલન | ૮ |
| ૩. ગુડી પડવો : મરાઠી નવા વર્ષનો પ્રારંભ | " | ૯ |
| ૪. ચેટીચાંદ : સિંધી સંસ્કૃતિનું પર્વ | ડૉ. હુંદરાજ બલવાણી | ૧૦ |
| ૫. અલૂણાવ્રત : શિવપુત્રી ઓખા-અનિરુદ્ધની કથા | સંકલન | ૧૩ |
| ૬. રામકબીર સંપ્રદાયનો સંક્ષિપ્ત પરિચય | શ્રી ઈશ્વરભાઈ ભક્ત | ૧૫ |
| ૭. કર્પૂરવનમાં ૨૨ માર્ચનું દર્શનપર્વ | સંકલન | ૧૮ |
| ૮. શ્રીકાલીમંદિર-પ્રતિષ્ઠાપર્વ | " | ૧૯ |
| ૯. અદ્‌ભુત સંગીતમય વાતાવરણ | " | ૨૧ |
| ૧૦. શ્રી સુશીલાબહેન રચિત 'દળી બની દીક્ષિત' પુસ્તકનું વિમોચન | " | ૨૩ |
| ૧૧. પૂજ્યશ્રી'મા'નાં આશીર્વચન | પૂ.શ્રી'મા' સર્વેશ્વરી | ૨૫ |
| ૧૨. 'કર્પૂરવન'માં ભક્તદર્શનપર્વ | શ્રી મયૂરી-શ્રી દર્શનાબહેન | ૩૨ |
| ૧૩. ઝનોરની યાત્રાનાં સુખદ, સુમધુર સંસ્મરણો | શ્રી અશ્વિન કાકા | ૩૯ |
| ૧૪. રામનવમી : ચૈત્રી નવરાત્રિ પૂર્ણાહુતિ પર્વ ('સ્વર્ગારોહણ'ની સત્સંગસુધા) | સંકલન | ૪૪ |
| ૧૫. પૂજ્યશ્રી'મા'નો પ્રેમાદેશ (રામનવમીનો રામોદ્‌ગાર) | " | ૪૯ |
| ૧૬. પૂ.શ્રી યોગેશ્વરજીનો સૂક્ષ્મ પ્રાગટ્યદિન (પૂ.શ્રી'મા'ની દશરથાચલયાત્રાનું ડી.વી.ડી. દર્શન) | " | ૫૩ |
| ૧૭. પૂ.શ્રી'મા' સંનિધિયાત્રા (હરિદ્વારથી હરિદ્વાર) | શ્રી મયૂરી ટેલર | ૫૭ |

**નિવેદન : 'કબીર કહે સો દિન બડો, જા દિન સાધ મિલાય**
**આંખ ભરભર દેખિયે, પાપ સભી ચલ જાય.'**

એક આંતરસંબંધથી આખું વિશ્વ જોડાયેલું છે. આખી સૃષ્ટિ અવિભક્ત પરમ આત્માની પ્રતિકૃતિ છે. કોઈ અલગ, પારકું, પૃથક્ છે જ નહિ,આત્મીયતાનો આ નાતો અણલખ્યો છે.

એટલે જ્યારે કોઈ એક 'શુભ સંકલ્પ' વિશ્વના કોઈપણ ખૂણે આકારાય છે, ત્યારે એ આકૃતિને પૂર્ણતા બક્ષવા સૃષ્ટિનાં અન્ય ઘણાં શુભ તત્ત્વો સંચિત થઈ જાય છે. તેથી જ પરમ પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીની જન્મભૂમિ કર્પૂરવનના ગામ-પરિવારે યોજેલ પૂ.શ્રી'મા'નું 'દર્શનપર્વ' ચૈત્રી નવરાત્રીનો પ્રથમ દિન, ગુડી પડવો, ચેટીચાંદ, તેમજ અલૂણાવ્રતના પ્રારંભિક દિનનાં 'સામટાં મંગલમય તત્ત્વોથી' સુગંધિત થઈ, દિવ્ય, અલૌકિક, અત્યંત પવિત્ર આભામંડળ રચી, સર્વને કૃતાર્થ કરી ગયું. આ ૨૨ માર્ચ ૨૦૨૩નો દિન પૂ.શ્રી'મા'નાં માતાજી ભીખીબાની પુનિત પુણ્યતિથિનો પણ સ્મૃતિસંસ્પર્શ પામ્યો. આવા શુભાતિશુભ અવસરની સ્મૃતિ અ-મર, અમીટ રહે એવા હેતુથી આ દિવસ કર્પૂરવનમાં દર વર્ષે 'એક વિશિષ્ટ અવસર' તરીકે ઉજવાય એવા સંકલ્પ સાથે પૂર્ણાહુતિ પામ્યો. સ્વાભાવિક જ કર્પૂરવનમાં એકત્રિત સર્વ ગ્રામવાસીઓ તેમજ નિમંત્રિત સત્સંગીઓ માટે આ દિવસ અપૂર્વ, અવિસ્મરણીય બની ગયો.

અને સૌથી વિશેષ તો કર્પૂરવનની બાળકી સરોજનું પરમ પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીમાં રૂપાન્તર, 'એક પોયણાનું પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મરૂપે' ઘણા લાંબા સમય (લગભગ ૨૦ વર્ષ) બાદ પધારવું જેટલું વિસ્મયકારક લાગ્યું એટલું જ પવિત્ર, દિવ્ય અને આહ્‌લાદક સર્વને પ્રતીત થયું. પૂ.શ્રી યોગેશ્વરજીની ભવિષ્યવાણી 'એ પદ્મપરિમલ માનવજાત માટે મંગલમય બનવાનો હતો.' એ સંપૂર્ણ સત્યરૂપે સર્વ અનુભવી ધન્ય બન્યાં.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૩**

**તા. ૯-૩-૮૩, બુધવાર, ફાગણ વદ દશમ સં. ૨૦૩૯**

**ડરબન શહેર**

પૂ.શ્રી સવારે ત્રણ વાગ્યે ઊઠી જઈ સ્નાન કરીને વ્યાયામ કરે છે. એક કલાકના વ્યાયામ બાદ મંત્રજપ કરે છે. સાત વાગ્યે લેખન માટે બેસી જાય છે. દશ કે સાડા દશ સુધી લેખનનો ક્રમ ચાલુ રહે છે. પછી માળા લઈ પલંગ ઉપર થોડીવાર આરામ કરે છે.

અગિયાર વાગ્યે રસોડામાં જઈને હું આજે ભાખરી, શાક ને ભાતનું ભોજન બનાવું છું. પૂ.શ્રી લગભગ બાર પછી રસોડામાં આવે છે. ત્યારે દરરોજની જેમ યજમાન-પત્ની સાષ્ટાંગ પ્રણામ કરે છે. પૂ.શ્રી દરરોજની જેમ પૂછે છેઃ માળા કરી? તે બહેન 'હા' કહે છે.

થોડી વાતો થાય છે. પૂ.શ્રી માતાજીનું સ્મરણ કરે છે. માતાજીની અંતિમ અવસ્થાની વાતો કરે છે. ભોજન અમારા ઓરડામાં નીચે બેસીને લઈએ છીએ.

ભોજન બાદ બહાર બાગમાં થોડા આંટા મારીએ છીએ.

થોડીવાર પછી જોહાનિસબર્ગ શ્રી મગનભાઈ સાથે ફોનથી વાતો કરીએ છીએ.

પછી આરામ.

સાંજે ભારત હૉલમાં 'યોગનાં આઠ પગથિયાં' ઉપર અંગ્રેજીમાં પ્રવચન હતું. ચાર સંસ્થાઓ તરફથી તે ગોઠવાયું હતું. આજે આખોયે શ્રોતાવર્ગ નવો હતો. અંગ્રેજ ભાઈબહેનો પણ હતાં.

પ્રવચનમાં પૂ.શ્રીએ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ વિશે અંગ્રેજીમાં સુંદર સમજ આપી.

શ્રોતાઓ, પૈકીના યોગકેન્દ્રોના સંચાલકોએ પ્રવચનને અંતે

આભારદર્શનમાં, મહાત્માજીએ યોગની સુંદર સમજ આપી તે અંગે આભાર વ્યક્ત કર્યો. સાથે સાથે બીજા પ્રવચનની માગણી પણ કરી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવીને દૂધ-ફળ લીધાં. પછી આરામ કર્યો.

આજે પ્રવચન બાદ, અહીં રહેવાના હજી થોડાએક દિવસ વધારો એવી વાત શ્રી શાંતિભાઈએ કરી. તા. ૨૦ માર્ચે ભારત તરફ જવાનું નક્કી છે. છતાં શ્રી શાંતિભાઈ, શ્રી રતિભાઈની ઈચ્છા અહી પૂ.શ્રી વધારે રહે એવી છે.

આજના પ્રવચનની પ્રચાર-પત્રિકા આ પ્રમાણે હતી :

ૐ

SURAT HINDU ASSOCIATION
SURAT HINDU EDUCATIONAL SOCIETY
SANT PUNIT SEVA SANGH
AMRITANANDA SCHOOL OF YOGA
Yogashala, Reservoir Hills
SHREE MAHATMAJI YOGESHWARJI
OF
HIMALAYAS, INDIA
Will deliver a lecture in English on
"EIGHT LIMBS ON YOGA : ASHTANG YOGA"
on Wednesday, 9th March 1983.
Time: 7:00 PM
At BHARAT HALL
137, Prince Edward St. Durban
ALL WELCOME !

હરિઃ ૐ

**–શ્રી 'મા' સર્વેશ્વરી**



# ॥ ચૈત્રી નવરાત્રિપર્વનો પ્રારંભ ॥

વર્ષની ચાર નવરાત્રિમાં આ ચૈત્રી નવરાત્રિનું વિશેષ મહત્ત્વ છે. ચૈત્ર તેમજ આસોના બંને નવરાત્ર 'ઋતુસંધિકાલ'માં આવે છે. બે ઋતુઓના સમાગમથી શરીરમાં વાત, કફ, પિત્તનું સમાયોજન ઘટી જાય છે, રોગપ્રતિકારશક્તિ મંદ પડી જાય છે.

શરીરની પ્રતિરોધક શક્તિ મજબૂત કરવા માટે નવ દિવસ દુર્ગા માતાનાં પૂજન-અર્ચન-વ્રત કરીને-ફળાહાર કે ઉપવાસ દ્વારા 'અનુશાસનયુક્ત જીવન' જીવવાથી શરીરની સફાઈ-શુદ્ધિ થાય છે.

આમ, ઉપવાસથી 'તનની શુદ્ધિ' પાઠ-પૂજા-ધ્યાનથી 'મનની શુદ્ધિ', હવનોથી 'વાતાવરણની શુદ્ધિ' થવાથી આપણી રોગપ્રતિકારક શક્તિ વધે છે. સાથે જ સમાંતરે 'આત્માભિમુખતા' સધાય છે; તેથી 'પરમાત્મસંનિધિ' શક્ય બને છે.

નકારાત્મકતા દૂર કરવા, ઊર્જાશક્તિના આહ્‌વાન દ્વારા વિધેયાત્મકતા સર્જવા પ્રેમ, ધૈર્ય, શૌર્યથી, જ્ઞાન-ડહાપણથી સ્થૂળતા તરફથી સૂક્ષ્મમાં જવા, 'અહંકારદહન' કરી, 'આત્મઉજાસ'માં જવાની સાધના કરવાનું આ પર્વ છે.

ઉપવાસથી શરીર-મનની શુદ્ધિ થતાં 'આધ્યાત્મિક શક્તિ' વધે છે. મોહ, માયા, લોભ, મત્સર, જડત્વ, નફરત, આસક્તિ, ભય, ઈર્ષ્યા, અપરાધ ભાવ દૂર થાય છે. આમ, ઉપવાસ ભારે હકારાત્મક પુરવાર થાય છે.

પુરાણનો મહિષાસુર આપણામાં દુરિતો-દુષ્ટતત્ત્વોરૂપે પુનર્જીવિત થવા માંડે ત્યારે 'દેવી દુર્ગાની શક્તિનો સ્રોત' આપણને એમાંથી મુક્ત કરે એ માટે 'મા' દુર્ગાની પ્રાર્થના આપણે હૃદયપૂર્વક કરવાની છે.

નવરાત્રિના નવે દિવસે-એક એક દૂષણ આપણામાંથી દૂર કરવાનો સંકલ્પ કરીએ. વ્રત-ઉપવાસ-પૂજા પાઠ-ભક્તિથી 'મા' દુર્ગાને પ્રસન્ન કરીએ તો 'મા' આપણાં દૂષણો દૂર કરી, આપણને શાંતિ અર્પે. 'મા'ની કૃપા-આશીર્વાદ આપણને સમૃદ્ધ કરે.

*

## ॥ ગુડી પડવો : મરાઠી નવા વર્ષનો પ્રારંભ ॥

ચૈત્ર માસના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિએ 'ગુડી પડવો' ઉજવાય છે. આ દિવસે બ્રહ્માજીએ સૃષ્ટિની રચના કરી હતી. એટલે વિક્રમ સંવતનું નવું વર્ષ આરંભાય છે.

ચૈત્રી નવરાત્રિના પ્રથમ દિવસે જ આ પર્વ આવે છે. શાળાઓમાં પાટીપૂજન (સરસ્વતીપૂજન) કરી, પાટી પર ચંદ્ર, સૂર્ય, સરસ્વતી દોરી પાટીની-વિદ્યાની પૂજા કરવામાં આવે છે.

ચૈત્ર સુદ એકમ મરાઠી નવા વર્ષનો પ્રથમ દિવસ છે. પ્રભુશ્રી રામચંદ્ર ચૌદ વર્ષના વનવાસ પછી, આ દિવસે અયોધ્યા પાછા ફર્યા હતા. અયોધ્યાનગરીના લોકોએ ઘેરઘેર ગુડી, તોરણો ઊભાં કરી, રામના પાછા ફરવાનો આનંદ વ્યક્ત કર્યો હતો. તે સંદર્ભે આ તહેવાર દર વર્ષે ઉજવવામાં આવે છે.

સામાન્ય રીતે હિંદુઓ કોઈપણ નવી બાબતનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ પસંદ કરે છે; એ દૃષ્ટિએ કેટલાક દિવસો વણજોયા મુહૂર્ત તરીકે જાણીતા છે. ગુડી પડવો આવું શુભ મુહૂર્ત છે.

મહારાષ્ટ્રમાં આ દિવસે ઘરના આંગણામાં પાંચ પાંડવોની પ્રતિકૃતિ તૈયાર કરી, તેની આસપાસ સુંદર રંગોળી કરવામાં આવે છે. ગામડાંઓમાં આંગણામાં ગાયના છાણથી લીંપી, રંગોળી તૈયાર કરાય છે. આ જગ્યાએ ગુડી (લાકડી) ઊભી કરવામાં આવે છે



પછી તેની ષોડશોપચારે પૂજા કરવામાં આવે છે.

ગુડી પર તેલ લગાવી તેને ચોખ્ખા પાણીથી ધોઈ લઈ, તેના પર હળદર-કંકુ ચડાવાય છે. ગુડી માટે પિત્તળનો કે ચાંદીનો લોટો, કડવા લીમડાની ડાળી, હાયડા, નાનું કાપડ, ફૂલનો હાર વગેરે સામગ્રી લેવાય છે. લાકડીને છેડે નાના રંગીન કપડાને ફીટ બાંધી, તેના પર લોટો ઊંધો મૂકી તેના પર લીમડાની ડાળી લગાવી, હાયડાનો હાર પહેરાવાય છે. પછી લાકડીને સાડી પહેરાવવામાં આવે છે. આ ગુડીને રામના સ્વાગત માટે શુભ ધ્વજના પ્રતીકરૂપ ગણવામાં આવે છે.

ઘરના પ્રવેશદ્વારે આંબાની ડાળી ને તોરણ સજાવાય છે. નવા વર્ષના પંચાંગની પૂજા કરાય છે.

આ દિવસની શરૂઆતમાં કડવા લીમડાનાં નવાં ફૂટેલાં પાન લઈ, તેમાં ગોળ, જીરૂ, મીઠું, લીંબુ નાંખી, તેને વાટી ગોળી બનાવવામાં આવે છે. જે આરોગ્યપ્રદ ને કીટનાશક છે.

આ ઊભી કરેલી ગુડી સંધ્યાકાળે ઉતારી લેવાય છે. જીવનમાં 'મધુર રસ' સાથે 'કડવા (લીમડાના) રસની' પણ આવશ્યકતા. આ દિવસથી રામનવમી સુધી રામમંદિરમાં કીર્તનનો પ્રારંભ થાય છે.

*

## ॥ ચેટીચાંદ : સિંધી સંસ્કૃતિનું પર્વ ॥

સિંધી સંસ્કૃતિનું 'ચેટીચાંદ' પર્વ ધાર્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ બહુ મહત્ત્વ ધરાવે છે.

'ચેટી' એટલે 'ચૈત્ર' અને 'ચંડ' એટલે 'ચંદ્ર'. ચૈત્ર સુદ એકમથી સિંધીઓનું નૂતન વર્ષ શરૂ થાય છે.

સિંધી લોકોના આરાધ્ય દેવ 'ઝૂલેલાલ' છે. 'ઝૂલેલાલ' કહેવાય છે કે 'જળમાંથી પ્રગટ' થયા હતા.

સિંધીઓ વર્ષોથી સાગર ખેડીને વિશ્વભરમાં વેપાર કરતા હતા. વેપાર અર્થે ગયેલા પોતાના પતિઓના દીર્ઘાયુષ માટે અને તેઓ ક્ષેમકુશળ પાછા ફરે એવી કામના સાથે પત્નીઓ દરિયાની પૂજા કરતી. આ રીતે 'જળદેવતા-વરુણદેવતા-ઝૂલેલાલ' તેમના આરાધ્ય દેવ બન્યા.

એ સમયના ઐતિહાસિક શહેર 'કટ્ટા'માં રાજા મિરખશાહનું શાસન હતું. તેના આતંકથી બચવા માટે પણ સિંધી લોકો જળદેવતાને શરણે પ્રાર્થના કરતા રહ્યા. અન્નજળ ત્યાગતા રહ્યા. ભક્તોનો આ પોકાર વરુણ દેવતાએ સાંભળ્યો હોય તેમ અચાનક સિંધુ નદીની લહેરોમાં વાવાઝોડું થયું. પછી આપોઆપ શાંત થયું. અને એક વિશાળ નર મત્સ્ય 'પલ્લો' પર બિરાજમાન એક 'દિવ્ય પુરુષ' પળભર દર્શન આપી, અંતર્ધાન થઈ ગયા.

આ ઘટનાના થોડા દિવસ બાદ સિંધના નસરપુરમાં ઈશ્વરભક્ત રતનરામને ત્યાં દેવરીબાઈના કૂખે બાળક 'ઉદયચંદ્ર'નો જન્મ થયો. દૈવી શક્તિથી સંપન્ન બાળકે યુવાનીમાં આવતાં ધર્માંધ બાદશાહને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા. પણ રાજા ન માનતાં તેના લશ્કર સાથે ઉદયચંદ્રે યુવાનોની એક ટુકડી બનાવી ગેરીલા યુદ્ધ કર્યું. છેવટે રાજાને શરણે આવવું પડ્યું. એને પ્રતીતિ થઈ કે, 'આ કોઈ સાધારણ પુરુષ નથી, મહાન વિભૂતિ છે. આ ઉદયચંદ્ર એ જ ઝૂલેલાલ ! તેઓ અમરલાલ, ઉડેરલાલ, દરિયાશાહ, જિંદહવીર જેવા અનેક નામોથી પ્રસિદ્ધ



થયા. આ મહાન વિભૂતિની જન્મજયંતી 'ચેટીચાંદ' તરીકે ઊજવવામાં આવે છે.'

આમ, સિંધી સંસ્કૃતિનું અમર પર્વ 'ચેટીચાંદ' દર વર્ષે દેશવિદેશમાં ભારે ઉત્સાહ-ઉમંગથી ઊજવવામાં આવે છે. વરુણદેવતા અને સિંધી સમાજના ઈષ્ટદેવ ઝૂલેલાલની મૂર્તિ અને જ્યોતિ ઉપરાંત સિંધી સંતો, મહાત્માઓ, શહીદો વગેરેની મૂર્તિઓ તેમજ સામાજિક દૂષણો, સળગતી સમસ્યાઓ પરની ઝાંખીઓ પ્રદર્શિત થાય છે. આ શોભાયાત્રા જ્યાં-જ્યાંથી પસાર થાય છે, ત્યાં ત્યાં તેનું સ્વાગત કરવામાં આવે છે. વિવિધ પ્રકારની પ્રસાદી વહેંચાય છે.

'આયોલાલ ! ઝૂલેલાલ !'ના નાદોથી ગગન ગૂંજી ઊઠે છે. શહેરના જુદા જુદા સ્થળોની પરિક્રમા કરી, શોભાયાત્રા નદીકાંઠે પહોંચે છે. ત્યાં ઝૂલેલાલની જ્યોતિનું વિસર્જન કરી, પૂજા-અર્ચના કરવામાં આવે છે.

સંધ્યાસમયે સિંધી લોકનૃત્યો, લોકસંગીત, લોકનાટ્યના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. આ દિવસે સિંધીઓ એકબીજાને ભેટી, 'જય ઝૂલેલાલ' કહીને નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

આ રીતે વરુણ અવતાર 'ઝૂલેલાલ' 'સિંધીયત'ના પ્રતીક બની ગયા છે.

**–સૌજન્ય**

(ડૉ. હુંદરાજ બલવાણી)

✽

## ॥ અલૂણાવ્રત : શિવપુત્રી ઓખા-અનિરુદ્ધની કથા ॥

અલૂણાવ્રતની સાથે શિવપુત્રી ઓખાની કથા સંકળાયેલી છે. ભાઈ ગણેશનું મસ્તક શિવ દ્વારા કપાતાં, ઓખા ડરી જઈને મીઠાની કોઠીમાં છૂપાઈ ગયેલી. માતા પાર્વતીના શાપથી તેનો દેહ મીઠાની કોઠીમાં ઓગળી ગયેલો.

(વૈજ્ઞાનિક રીતે જોઈએ તો આયુર્વેદમાં મીઠાને ઝેર ગણવામાં આવ્યું છે. કેમકે તે શરીરને જીર્ણ વિશીર્ણ કરે છે.)

પણ માતા પાર્વતીએ પછી શાપને હળવો કરતાં કહેલું કે; 'તું રાક્ષસકુળમાં જન્મ તો લેશે છતાં દેવપુત્ર તને વરશે. બીજા જન્મમાં ઓખાએ ઉષારૂપે રાક્ષસકુળના બાણાસુરની પુત્રીરૂપે અવતાર લીધો.'

એ ઉષાએ એકવાર રાત્રે સપનામાં એક કામદેવ જેવો રૂપાળો યુવાન નિહાળ્યો. તે સપનાના એ રાજકુમારના પ્રેમમાં પડી ગઈ. આ વાત તેણે પોતાની સખી ચિત્રલેખાને કરી. ચિત્રલેખાએ તે સમયના અનેક રાજકુમારોનાં ચિત્રો દોરીને ઉષાને બનાવ્યાં. અંતે કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન અને પ્રદ્યુમ્ન પુત્ર અનિરુદ્ધનાં ચિત્રો દોરી બતાવ્યાં. અનિરુદ્ધનું ચિત્ર જોતાંવેંત જ તે ઉષાના હૃદયમાં વસી ગયો. ઉષાના આગ્રહથી ચિત્રલેખા અનિરુદ્ધને લાવવા પોતાની યોગસિદ્ધિથી દ્વારકા પહોંચી ગઈ. મહેલમાં પ્રવેશી, રાતના અંધારામાં પલંગ પર સૂતેલ અનિરુદ્ધને પલંગસહિત ઊંચકીને, શોણિતપુર ઉષાના મહેલમાં લાવી. ઉષા તેની સાથે ગાંધર્વવિવાહથી જોડાઈ. ચાર માસ આ વાત ગુપ્ત રહી.

નારદ દ્વારા હકીકતની જાણ થતાં શ્રીકૃષ્ણે બાણાસુર પર આક્રમણ કર્યું. શિવભક્ત બાણાસુરની સહાયે સ્વયં શિવજી



આવ્યા. બંનેની સેના વચ્ચે ભયંકર યુદ્ધ થયું. છેવટે શિવની વિનંતીથી શ્રીકૃષ્ણે બાણાસુરને જીવનદાન આપ્યું. ને બંને કુટુંબો વચ્ચે મધુર સંબંધ બંધાયો.

ભારતીય સંસ્કૃતિ મૂળથી સમન્વયાત્મક અને સંવાદી રહી છે. શિવ અને વિષ્ણુ, દેવ અને દૈત્યો બંને વચ્ચેના સમન્વયની ઘણી પુરાણકથાઓ રચાઈ છે.

ચૈત્ર માસમાં જેનો મહિમા ગવાય છે ને ઉષા કે ઓખાની પૌરાણિક પ્રેમકથા આનું ઉજ્જવળ દૃષ્ટાંત છે.

નોંધ : આ પૌરાણિક કથાને આધારે પ્રેમાનંદે 'ઓખાહરણ' આખ્યાન (કુલ ૨૮ કડવાંઓમાં) રચ્યું છે. જેનો પાઠ ચૈત્ર માસમાં ભાવપૂર્વક થાય છે. ગવાય છે.

૧૧ મા કડવામાં કહેવાયું છે તેમ;

'ઓખા કહી ઉમિયાએ સાદ કર્યો બે-ચાર
ત્યારે ઓખા આવી ઊભી,
નિસરીને ઓરડીની બહાર.
મરાવીને ભાઈને, તું તો નાસી ગઈ.
મહાદેવે ગણપતિને માર્યો, તે સુધ મને નવ કહી.
તે માટે તારું અંગ ગળજો, લૂણે ખોજે કાય
જા દૈત્યના કુળમાં અવતરજે, એણી પર બોલ્યાં માય.'

માતા પાર્વતીના શાપ મુજબ ઓખાનો પુનર્જન્મ રાક્ષસ બાણાસુરના કુળમાં ઉષારૂપે થાય છે અને સપનામાં કૃષ્ણપૌત્ર અનિરુદ્ધને જોતાં, તેના પ્રેમમાં પડે છે. આમાંથી સર્જાય છે : ઉષા અને અનિરુદ્ધની પ્રેમકથા !

**—સંકલન**

## ॥ 'શ્રી રામકબીર સંપ્રદાય'નો સંક્ષિપ્ત પરિચય ॥

સમસ્ત જગતના તમામ વિદ્વાનો સર્વસંમત થઈ કહે છે : સદ્ગુરુ કબીરસાહેબે ભારતમાં કે ભારતની બહાર કોઈ સંપ્રદાય કે પંથ સ્થાપ્યો ન હતો. છતાં તેમના નામે આજે અનેક સંપ્રદાયો-પંથો અસ્તિત્વમાં છે.

અલબત્ત 'કબીરવાણીનો પ્રભાવ' ભારતભરમાં હતો. અનેક સમુદાયોએ કબીરવાણીનો સંદેશ ઝીલ્યો અને કબીરવાણીને પ્રાણ સમાન ગણીને 'માનવમાત્ર પ્રભુનાં બાળક' છે એવી ભાવના પ્રસારવા પ્રયાસ કર્યો હતો. આમ કબીરવાણી અનેક સંપ્રદાયો-પંથનો પ્રેરણાસ્રોત બની.

શ્રી રામકબીર સંપ્રદાયના વડવાઓ 'પાટીદાર' કહેવાયા. પંજાબના સરહદી પ્રદેશમાં, રજપૂત કુળમાં જન્મેલા. સરહદ પરના રક્ષણની જવાબદારી તેમની રહેતી.

તેઓ દૈવયોગે એકવાર સંતોના સમાગમમાં આવ્યા. ને તેઓ વિચાર કરવા લાગ્યા કે આપણે શું કાયમ લડવા જ કરવાનું ? ત્યારે સંતોએ સૂચવ્યું કે જો યુદ્ધ છોડી દો તો જ નિરાંતે જીવવાનો મોકો પ્રાપ્ત થાય. પણ યુદ્ધ છોડી દે તો રાજ્ય તરફથી મળતું વેતન બંધ થાય ને જીવવું મુશ્કેલ થઈ પડે. ગંભીરતાપૂર્વક સંતો પાસેથી માર્ગદર્શન મેળવવા જતાં સંતોએ યુદ્ધ છોડી જમીન ભાડે મેળવી, ખેતી કરવા કહ્યું. ખેતીનું કાર્ય પુણ્યશાળી અને ફળદાયી નીવડે. કારણ નાનાં નાનાં જીવજંતુઓ, પક્ષીઓ અને પશુઓના પેટમાં પણ 'અનાજના દાણા' જાય. પછી મહેનત કરનારાના ભાગે તે આવે. આમ સર્વે વડવા 'રાજ્યના નોકર' મટી 'કુદરતના સેવક' બન્યા હતા.



અલબત્ત, વારંવાર થતા આક્રમણોથી ખેડૂતોને સહન કરવાનું તો ઘણું આવ્યું. પણ સંતોની સલાહથી જ્યાં આક્રમણ થતું જ નહિ તેવા સ્થળે ખેતી કરીને વસવું એવો તેમણે નિર્ધાર કર્યો.

પ્રથમ તો તેઓ પંજાબની પડોશમાં આવેલ રાજસ્થાનમાં ગયા. પણ ત્યાં સંજોગો પ્રતિકૂળ જણાતાં, તેઓ ગુજરાતના ચરોતરમાં જઈ પહોંચ્યા. અહીં પ્રમાણમાં વરસાદ નિયમિત હતો. વહીવટ કરનાર મુસ્લિમ સૂબાએ મહેનતુ અને પ્રામાણિક લોકોને જોઈ, પડતર જમીન તેમને ભાડે આપી, રાજ્યની આવક વધારવા વિચાર્યું. તેથી રામકબીર સંપ્રદાયના વડવાઓએ અહીં જ વસવાટ કરવાનું વિચાર્યું. ભાડે એટલે પટે. આ રીતે પટે જમીન જે જે ખેડવા લાગ્યા તે 'પાટીદાર' કહેવાયા છે. જે પટ ઉઘરાવી આપે તે 'પટેલ' કહેવાયા, જેમને રાજ્ય તરફથી મફત જમીન ખેડવા મળતી. જે લોકો 'લવ' પ્રદેશમાંથી આવ્યા તે 'લેઉઆ' જે 'કરવ' પ્રદેશમાંથી આવ્યા તે 'કડવા' કહેવાયા. આ બંને 'પ્રાદેશિક નામો' સમય જતાં 'જાતિવાચક' બન્યા.

આમ આ સંપ્રદાયના વડવા 'રજપૂત ક્ષત્રિય કોમના.' પણ સંતોના પ્રભાવને કારણે તેમના આહારવિહારમાં ફેરફાર થઈ જવાથી આ પાટીદારોની 'વ્યવહારશુદ્ધિ' ઊડીને આંખે વળગે તેવી હતી.

સદ્ગુરુ કબીરસાહેબ ગુજરાતમાં આવેલા ત્યારે ચરોતરમાં રહેનારાં કેટલાક કુટુંબો પર તેમનો પ્રભાવ પડેલો તે સમયે બ્રાહ્મણો વિધિઓ કરાવતા, તે બ્રાહ્મણોને ડર લાગ્યો તેથી કબીરસાહેબથી પ્રભાવિત લોકોને નાતબહાર ને ગામબહાર મૂકેલા. જેથી 'ભક્ત પાટીદારોનું જૂથ' અલગ પડેલું. તેમાંથી

કેટલાક સૌરાષ્ટ્ર તો કેટલાક દક્ષિણ તરફ ખસ્યા. પણ એક જૂથે સ્થળાંતર કદી ન કર્યું. તે જૂથ 'ચરોતરિયા પાટીદાર' તરીકે ઓળખાયું. તેમના સાહસિકતા ને જોમ જુસ્સાના બે ગુણો વિશ્વભરમાં ગવાયા. તેમનું સંઘબળ અકબંધ રહ્યું. આર્થિક રીતે પણ તેઓની સદ્ધરતા ટકી રહી.

આજે પાટીદાર સમાજનાં જૂથો 'ચરોતરિયા, લેઉઆ, કડવા, ભક્ત, મતિયા, આંજણા તરીકે ઓળખાય છે. એમાંના ઘણા વિદેશમાં જઈને વસ્યા. એ સમાજમાં ભણતરનું પ્રમાણ પણ ઘણું વધવા પામ્યું.'

પરમ પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરી જે રામકબીર ભક્ત સમાજનાં એક અત્યંત ઉમદા વિભૂતિ ચેતના છે; એ ભક્ત સમાજનાં ભક્તિ, સાત્ત્વિકતા, સરળતા તેમજ સંગઠન બીજા માટે દાખલારૂપ ગણાતાં હતાં. અલબત્ત, ભૌતિક સંપત્તિની દોટમાં એ સાચી સંપદાનું પ્રમાણ ક્રમશઃ ઓછું થતું ગયું છે. છતાં, પૂજ્યશ્રી'મા' જેવાં ભક્તવત્સલ સંતના આશીર્વાદ-કૃપાથી એ અસ્થિર જ્યોત સ્થિર કરવા આતુર હૃદયો નિઃશંક પોતાનો એ આંતરવૈભવ પુનઃ પ્રાપ્ત કરી જ શકશે; એવી શ્રદ્ધા કર્પૂરવનમાં તાજેતરમાં યોજાઈ ગયેલા પૂ.શ્રી'મા'ના દર્શનપર્વે અને એનાથી પણ વિશેષ કર્પૂરવનના ઘરે-ઘરે 'ભક્તદર્શન' કરવાનો ઉપક્રમ તેમજ પૂ.શ્રી'મા'નો સંકલ્પ ''મા'ને ભક્તોના ઘરમાં નહિ, જીવનમાં પ્રવેશવું છે.' ચોક્કસ બંધાવે છે, જે આ પર્વની જ નહિ, વિશ્વભરનાં પૂ.શ્રી'મા'નાં કલ્યાણકાર્યોની ફલશ્રુતિ છે.

**–શ્રી ઈશ્વરભાઈ ભક્તના લેખ પર આધારિત**

('કબીરવિશેષ' મહાગ્રંથ
સં.શ્રી ગોવિંદભાઈ ભક્ત)



# ॥ 'કર્પૂરવન'માં ૨૨ માર્ચનું દર્શનપર્વ ॥

કર્પૂરવનના આંગણે વીસ-વીસ વર્ષની દીર્ઘ સમયની અવધિ પછી પરમ પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીને નિમંત્રી તેઓશ્રીના શુભાગમનને કર્પૂરવનના લોકો 'દર્શનપર્વ' તરીકે વધાવે છે. એ પુનિત અવસરમાં સહભાગી થવા 'સ્વર્ગારોહણ'ના સર્વ સત્સંગીઓને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે. અને લગભગ ૬૦૦ જેટલા સત્સંગીઓ તા.૨૨મીએ કર્પૂરવન જઈ પહોંચે છે. અને આખું ગામ (લગભગ ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા લોકો) સ્વાગત માટે ઊમટી પડે છે.

બરાબર સવારે ૯.૧૫ વાગે પરમ પૂજ્યશ્રી 'મા'ની શોભાયાત્રાના શ્રીગણેશ મંડાય છે. કર્પૂરવનના ગ્રામપરિવારની 'પાલખીયાત્રા'નો વિચાર બદલી, પૂજ્યશ્રી'મા' હળવેથી ખુલ્લા દરવાજાવાળી ગાડીમાં બિરાજમાન થઈ; ભારે નમ્રતાપૂર્વક તેમનો પ્રેમસ્વીકાર કરે છે. બધા લોકો ફૂલો-દીવાઓથી પૂ.શ્રી'મા'ને સત્કારે છે પછી બહેનો આગળ ગરબા ગાતાં ગાતાં આગળ વધે છે, વચ્ચે પૂ.શ્રી'મા'ની ગાડી અને પાછળ ગામના ભાઈઓ આનંદમગ્ન થઈ ચાલે છે. રસ્તામાં જ્યાં જ્યાં લોકો પૂ.શ્રી'મા'નાં દર્શન માટે આતુર ઊભાં હોય છે. ત્યાં ત્યાં ગાડી રોકાવી, પૂ.શ્રી'મા' તે સર્વને મધુર સ્મિતથી હાથ જોડી સંનિધિસુખ ધરે છે.

પૂ.શ્રી'મા'ની શોભાયાત્રા શ્રી સુશીલામાસીને ત્યાં, પછી શ્રી શારદામાસી (શ્રી જગદીપભાઈ), ૐ 'મા' પ્રાથમિક શાળા, શ્રી પરમાર્થી, શ્રી રીટાબહેનના ઘરથી આગળ વધતી-વધતી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂ.શ્રી'મા' પ્રવેશે છે. આરતી કરી, શ્રી લક્ષ્મીનો પ્રસાદ ધરે છે. ત્યાંથી શ્રી ગુલાબમાસી (શ્રી સુરેશભાઈ)ના નિવાસસ્થાન આગળથી શ્રી કાલીમંદિરમાં

પ્રવેશવા પ્રસ્થાન કરે છે ત્યારે ગામની યુવાન બહેનો શ્રીકળશ ફૂલહારથી પૂ.શ્રી'મા'નું સ્વાગત કરે છે. લગભગ ૧૨.૩૦ વાગ્યે શ્રી કાલીમંદિરમાં પૂ.શ્રી'મા'નો પ્રવેશ થાય છે.

**—સંકલન**

*

## ॥ શ્રી કાલીમંદિર : પ્રતિષ્ઠાપર્વ ॥

ઘણા વર્ષો પછી પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીનું 'કર્પૂરવન'માં પુનિત આગમન અને તેમાંય કાલીમંદિરમાં વર્ષો પછી પુનઃ પ્રવેશ ઘણીબધી રીતે ધ્યાનાર્હ બની રહ્યો.

એક તો પૂજ્યશ્રી'મા'ના દર્શનપર્વની ૨૨ માર્ચ, ચૈત્રી પડવાની વિશેષ તિથિનો સુયોગ-જેમાં નવરાત્રિ, ગુડી પડવો, અલૂણાવ્રત તેમજ ચેટીચાંદ જેવાં પર્વોની ભળેલી પવિત્ર-દિવ્ય સુગંધ. આ દિવસનો મહિમા ઑર વધારી રહી.

ઉપરાંત પૂ.શ્રી'મા'નું પ્રાગટ્યધામ 'શ્રી કાલીમંદિર' નવાં જ રૂપરંગથી, અદ્યતનતાથી પ્રત્યેક દર્શકનાં નેત્ર ઠારી રહ્યું. અને એમાં જ્યારે પૂ.શ્રી'મા'નાં પુનિત પગલાં પડ્યાં ત્યારે એકવારનું એ પુરાતન ઘર જે વડીલોથી પૂજનીય તો હતું જ, સાચે જ એક ભવ્ય મંદિરની ઊંચાઈએ શોભી રહ્યું.

'મંદિર' એટલે પ્રભુનું સ્થાનક જેનું દ્વાર ખુલ્લું હોય, ભીતર ભલે જાઓ, બહાર જવામાંય પ્રતિબંધ નથી. ત્યાં મુક્તિની આબોહવા છે. પણ એ શરીર-મનથી પરે આત્માનું મિલન કરાવી, પરમાત્માનું દર્શન કરાવે, એમાં એની સાર્થકતા છે.

આ ઘરમાં જન્મના ૧૩મા દિવસે અંતિમ શ્વાસ લઈ આંખો મીંચી દેનારી સરોજની સારવાર માટે પિતાજી મારતે ઘોડે ડૉ. ગમનલાલને લઈ આવેલા ને એટલે જ સરોજે આંખો ખોલેલી !

સરોજનું શૈશવ વત્સલ પિતાજીના શ્રીઅંકે આધ્યાત્મિક ઉઘાડ પામેલું. વહેલી સવારે પિતાજી સરોજને વાડામાં પીઠ પર ચડાવી લઈ



જાય અને શ્લોકો શીખવે. પિતાજીનાં ઉદાત્ત જીવનમૂલ્યો, ઉમદા માનવ્ય, અદ્ભુત દેશપ્રેમ, અનહદ પ્રભુપ્રીતિનો અનવરત અભિષેક એવો થતો રહ્યો કે તેઓશ્રી સ્નેહ ધરનારા જનક જ નહિ, સરોજના આત્મવિકાસના સાચા પ્રહરી બની રહ્યા.

આમ, રામકબીર ભક્ત સમાજમાં ૧૯૪૩ના નવે. ની ૧૩મી તારીખે અધ્યાત્મપ્રેમી પિતા અને પ્રેમક્ષમાની મૂર્તિભીખીબાને ત્યાં પ્રગટેલી ત્રણ બહેનો (શારદા, સુશીલા અને સાવિત્રી) તેમજ બે ભાઈઓની (વિઠ્ઠલ, વામન) આ નાનકડી બહેનનું નામ પિતાજીએ સરોજ પાડ્યું. પૂ.શ્રી'મા' આત્મગૌરવથી કહે છે : 'જે કળી કાદવથી અળગી, રહીને ખીલવા આવી હોય તેનું નામ એ જ હોય ને !'

પૂ.'મા' સર્વેશ્વરીના પ્રાગટ્યને વધાવતાં પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ સાચું જ કહ્યું કે; 'કર્પૂરાની કમનીય, પવિત્ર ધરતી પર એક પાવન ક્ષણે, પરમ ધન્ય ક્ષણે પ્રસન્નતાથી પુલકિત, પાવન પદ્મ પ્રગટ્યું એ પદ્મપરિમલ માનવજાત માટે મંગલમય બનવાનો હતો.'

આમ, માતાપિતાના ગુણોથી વિભૂષિત શ્રી કાલીમંદિર પૂ.શ્રી'મા'ના પ્રાગટ્યધામનું નિમિત્ત બની, અધિક મહિમાવંતું બન્યું.

આ કાલીમંદિરનું ભીતરી ઐશ્વર્ય અકબંધ રાખવા આજના આર્કિટેક્ટ તેમજ ઍન્જિનિયર ભાઈઓએ અનોખી કલાદૃષ્ટિ તેમજ કૌશલથી એનો એટલો સુંદર, વિસ્તૃત, બાહ્ય પરિવેશ સિદ્ધ કર્યો કે, જે જોતાંવેંત જ એમાં વસતા માનવહૃદયોની વિશાળતા, ઉદારતા, સમજણભર્યા સ્નેહની સંવાદિતાનો મધુર અનુભવ કરાવે.

શ્રી કાલીમંદિરથી પૂ.શ્રી'મા' શોભી રહ્યાં અને પૂ.શ્રી'મા'ની સંનિધિથી શ્રી કાલીમંદિર સોહી રહ્યું ! ઉભય એકબીજાનાં અભિન્ન-અવિભક્ત અંશો હોય એમ.

કારણ 'કાલીમંદિર' ઈંટચૂનાની ઈમારત નથી, પૂજ્યશ્રી'મા'ની પરમાત્માભિમુખતાનું મંદિર છે.

**—સંકલન**

*

## ॥ અદ્‌ભુત સંગીતમય વાતાવરણ ॥

'કર્પૂરવન'ના 'કાલીમંદિર'માં પૂજ્યશ્રી'મા'ના મંગલ પ્રવેશ બાદ, એની સામે જ ઊભા કરાયેલ મંડપમાં મંચ પર પૂ.શ્રી'મા' પધારે છે અને 'સ્વરમ્ રૅકોર્ડિંગ' સ્ટુડિયોના સંચાલકો 'ૐ યોગેશ્વરાય નમઃ'ના મંત્રગાનની વિવિધ ધૂનોની પ્રયુક્તિ દ્વારા એક અલૌકિક, દિવ્ય સંગીતમય વાતાવરણ ખડું કરી, પૂજ્યશ્રી'મા'ના આગમનને મધુર સૂરોથી વધાવી લે છે.

'રામાયણ'ની થોડીક ચોપાઈઓ સિતાર પર છેડાયા પછી એ પશ્ચાદ્‌ભૂમાં પરમ પૂજ્ય યોગેશ્વરજીરચિત અદ્‌ભુત પદો જેવાં કે;

ચાલોને સાચા સંતને શરણે જઈએ...

મારી અરજ સુણી લો આજ...

સર્વસમર્થ તમે છો અમને ચિંતા શાની ?

છે સારથિપદ સોંપ્યું તમને...

મને તો પ્રેમી પૂર્ણ બનાવો

પ્રેમનગરનાં વાસી, અમે તો પ્રેમનગરનાં વાસી

—અત્યંત સુમધુર સ્વરો રેલાવી, શ્રી અમન લેખડિયા, કેતુલ પટેલ, મિકુલ શાહ, આશિષ, વિવેક, હર્ષ, ધ્રુવિકા, પ્રાચી, સ્વાતિ જેવા કલાકારો સર્વનાં દિલ જીતી લે છે.

વાદ્યસંગીતનું વૈવિધ્ય પણ ધ્યાન ખેંચી રહે છે. સમગ્ર કાર્યક્રમના પ્રવક્તા-સંગીત નિયામક શ્રી મિકુલ શાહની પ્રતિભા ઝળહળી ઊઠે છે. શ્રી દિશાબહેનના સુમધુર સ્વરે પૂ.શ્રી'મા'નાં બે પદો પ્રસ્તુત થતાં, શ્રોતાઓ સાથે તાલ આપતાં, ઝૂમી ઊઠે છે :

૧. ભીખીભવનનું ભાગ્ય ઉઘડ્યું રે લોલ

૨. લક્ષકોટિ નમન અમારાં બા-બાપુજી ચરણે તમારાં

આ રસભીના સંગીતમય વાતાવરણમાં જેવું 'જય જય કર્પૂરવન, જય જય ભારતખંડનું ગાન' ગવાયું ત્યાં અચાનક



વર્ષારાણીની કૃપા થઈ ! સંગીતની ભવ્ય ઑરકેસ્ટ્રા થોડી મુશ્કેલીમાં જણાઈ પણ ત્યાં તો સૂર્યદેવ પધાર્યા અને પછી આખાયે કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહ્યા !

અહીં એક વાત સર્વે આનંદભેર નોંધી શકાઈ કે, વરસાદ આરંભાતાં જ સત્સંગીઓ એક સ્વરે 'ૐ યોગેશ્વર રક્ષમામ્ 'મા' સર્વેશ્વરી પાહિ મામ્' પ્રાર્થનાના પોકાર કરવા લાગ્યા અને પૂ.શ્રી'મા' કહે છે તેમ, 'પ્રબળ પ્રાર્થનાનો પ્રત્યુત્તર તરત જ સાંપડે છે.' પ્રભુની જીવંત કૃપા અનુભવી સર્વ અહોભાવ-અનેરો કૃતજ્ઞભાવ અનુભવી રહ્યા. સંગીતના સૂરો ફરી રેલાવા શરૂ થયા, એ ઝરમર વરસી બધાંને ભીંજવી રહ્યા.

ત્યારબાદ તરલાબહેને પૂ.શ્રી'મા'ના આંતરઐશ્વર્યની અને 'સર્વમંગલ'ના ટ્રસ્ટી શ્રી રાજુભાઈએ 'સ્વર્ગારોહણ' તીર્થની વાતો કરી, ત્યાં થઈ રહેલા અનવરત સેવાયજ્ઞોની, સત્કાર્યોની વિગતે વાત કરી. ત્યારબાદ કર્પૂરવનના કેટલાક પ્રતિનિધિ ભાઈબહેનોએ મંચ પર બિરાજેલ પૂ.શ્રી'મા'નું ફૂલહારથી સન્માન કર્યું. માનવસેવા ટ્રસ્ટ સંચાલિત ૐ 'મા' પ્રાથમિક શાળાના અગ્રણીઓએ પૂ.શ્રી'મા'ને વધાવ્યાં.

## ॥ શ્રી હસુભાઈનું મનનીય પ્રવચન ॥

પછી મંચ પર પધાર્યા કર્પૂરવનના મોભી, ન્યાતના અગ્રગણ્ય શ્રી હસુભાઈ. તેઓશ્રીએ શ્રી કાલીદાસ બાપુજીના કુટુંબ, સમાજ, રાષ્ટ્ર તેમજ ખેતીક્ષેત્રે વિશિષ્ટ પ્રદાનની, એક ઉમદા માનવ તરીકેની પ્રતિભાની બહુ ઊલટભેર વાતો કરી. તેમણે વારંવાર દોહરાવ્યું કે 'શ્રી કાલીદાસભાઈ સમય કરતાં આગળ, ઘણા ઘણા આગળ હતા.' તેમનાં ધર્મપત્ની ભીખીબાનું પણ સમાજ-જીવન વ્યવહારક્ષેત્રે અનોખું પ્રદાન હતું. પરમ પૂજ્ય શ્રી'મા'ની દિવ્યતા-અલૌકિકતા શબ્દોથી પર છે, એમના પવિત્ર શ્રીચરણથી આજે કાલીમંદિર જ નહિ, સમગ્ર કર્પૂરવન

તીર્થ સમું બની રહ્યું છે. એવી ભાવછલકતી વાણીમાં બયાન કર્યું. કર્પૂરવન માટેનો પ્રેમ, એ ગામના વિકાસ માટે જે કંઈ થઈ શકે તે કરવાની ખેવના એમના શબ્દોમાં છલકાઈ રહી હતી.

**—સંકલન**

✻

## ॥ 'દળી બની દીક્ષિત' પુસ્તકનું વિમોચન ॥

આજના દિવસના શિરમોર સમો અવસર શ્રી સુશીલાબેનરચિત પુસ્તક 'દળી બની દીક્ષિત'ના વિમોચનનો રહ્યો. પૂ.શ્રી'મા'ના વરદ હસ્તે એ શુભ કાર્ય સંપન્ન થયેલું જોઈ, લેખિકા સાથે સર્વ ઉપસ્થિત જન પણ અનેરી પ્રસન્નતા અનુભવી રહ્યા.

જો કે શ્રી સુશીલાબેને અતિ વિનમ્રતાથી કહ્યું; 'હું કોઈ કવિ કે સાક્ષર નથી. પણ કૅનેડાની પૂ.શ્રી'મા'ની શિબિરમાં કેટલાંક પદો સાંભળી, પ્રેરણા મળતાં મેં પણ બે-ચાર લીટી લખી, 'મા'ને બતાવી. તો 'મા'એ કહ્યું; 'લખી જુઓ. કલમ ચાલશે.' અને આ પુસ્તક ગેય સ્વરૂપમાં રચાયું. જેમાં 'પરદા ઓથે પ્રભુ'નાં ૨૦ દર્શનોનું કથાનક છે.' પછી સુશીલાબહેને તેની પહેલી પંક્તિ મધુર સ્વરે ગાઈ સંભળાવી.

'૧૩ નવેમ્બર ૧૯૪૩ની રાતડી
કારતક વદની બીજે, ખરી એક તારલી'

'દળી બની દીક્ષિત'માં આલેખાયેલા કેટલાક પ્રસંગો આ પુસ્તકરચના સાથે સંકળાયેલા ડૉ. હિમાંશુભાઈ પાઠકે સંભળાવ્યા અને એ પ્રસંગો સંગીતથી મધુર રીતે મઢી લઈ, સંગીતમંડળીએ રજૂ કર્યા. તેથી આખું વાતાવરણ સ્વરોની સંવાદિતા અને શ્રવણમધુરતાથી આહ્‌લાદક બની ગયું.

## ॥ 'દળી બની દીક્ષિત'નો આછો પરિચય ॥

'ગુરુચરણ સરોજ રજને હું શિર પર ધારું
જીવનગાથા ગાઈને સુધારસ પીઉં
વંદન કરીએ યોગેશ્વર ભગવંતને
પૂજીને પ્રગટાવે જગનાં માતને.'

—ઉપરોક્ત પંક્તિ કૃતિનો પરિચય અને હેતુ બંને પ્રગટ કરે છે.

'દળી બની દીક્ષિત'ના રચયિતા શ્રીમતી સુશીલાબહેન ભક્ત છે. આમાં પૂજ્યશ્રી'મા' સર્વેશ્વરીના જન્મથી દીક્ષાપ્રાપ્તિ સુધીનાં સોપાનોનું હૃદયંગમ અને રસમય વર્ણન છે.

અનેક સાધકહૃદયોની પ્રાર્થનાનો પ્રત્યુત્તર છે. આ જીવનકાવ્યમાં મુખ્ય પ્રવાહ સરોજબહેનના આદર્શ, અનુકરણીય, વંદનીય, ચેતનવંતા જીવનની આસપાસ છે.

બીજી બાજુ શિલ્પકાર મહાત્મા શ્રી યોગેશ્વરજીના ઉદાત્ત જીવનની દર્શનયાત્રા પણ છે.

પ્રત્યેક દર્શન એક ટાંકણાનું કામ કરે છે. શિલ્પકારના પરિશ્રમ કરતાં, શિલાનો પ્રયત્ન અથાગ અને અસાધારણ છે; તે શિલ્પ કે મૂર્તિ બનવા કૃતનિશ્ચયી છે.

✻

કર્પૂરવનમાં દર્શનપર્વનું સમાપન બહેનોએ ભાવવિભોર થઈને ગરબાઓ ગાઈને કર્યું, એને સંગીતકારોએ વિવિધ ગાન-તાનથી મઢી લીધા. અને પર્વની પૂર્ણાહુતિ હંમેશની જેમ 'મધુર પ્રસાદ' વિતરણ દ્વારા થઈ. આમ, આખુંયે પર્વ અવિસ્મરણીય બની ગયું. 'સૌથી ઉત્કૃષ્ટ પળ' આ આ પર્વની તો એ હતી કે, શ્રી સુશીલાબહેન પૂ.શ્રી'મા'ને પ્રણામ કરે એ પહેલાં મંચ પરથી ઊતરીને પૂ.શ્રી'મા'એ સુશીલાબહેનને-પોતાનાં મોટાં બહેનને પ્રણામ કરી લીધા ! દૈવી અને માનવીય ગુણનો અદ્‌ભુત સમન્વય ! આંતરસંપદા તેમજ બાહ્ય વ્યવહારનું અતિ અદ્‌ભુત સંતુલન !

**—સંકલન**

## ॥ પરમ પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરીનાં આશીર્વચન ॥

## ॥ શ્રી યોગેશ્વરવંદના ॥

ૐ યોગેશ્વરાય નમઃ ૨૨/૩/૨૦૨૩

- કપૂરવણની ધરતી પર ૧૯૭૮ માર્ચ માં જેમણે પ્રથમવાર પોતાના ચરણકમળ પધરાવ્યા આ સુયોગ માટે સર્વેશ્વરીનું સ્વાગત કરું

- તેઓ સાથે, સિદ્ધ સંતપુરુષો એવી શ્રદ્ધા સાથે કે પરમાત્માએ જેને આવકાર્યા.

- કપૂરવણના સર્વ ગ્રામજનોએ પ્રાર્થનાસંધ્યા એ પૂર્ણપુરુષની અમૃતવાણી ઝીલી સત્સંગનું પરમસુખ માણ્યું.

- તેઓ કે અમારા પરમપૂજ્ય ગુરુદેવ કે યોગેશ્વર પ્રભુને પ્રણામ હો પ્રણામ હો પ્રણામ હો

(નવમંત્રગાન)



ૐ
યોગેશ્વરાય નમઃ

કપૂરવણ ના સર્વ સ્વજનોને.
સૌને પ્રેમપૂર્વક નમસ્કાર.

આ ધરતીની સર્વ વિશેષતાઓને વંદન. કે રાજકુમાર ભક્ત સમાજના સર્વ સભ્યોને રામકુમાર.

આ ધરતી ઉપર જન્મ્યા, રહ્યા, ભણ્યા અને સમર્થ થયા હરિ ભક્ત બન્યા. હરિના માર્ગે ગયા. સાત્વિક સંપત પામ્યા.

જનની કે ભોમકા, જનમભૂમી કપૂરવણ નું ગૌરવ મસ્તકે ચઢાવી આજે આપની સમક્ષ હાજર થયા.

અહીં આપણા પૂર્વજો વસ્યા સાથે કે સોરાબજી કાકા પારસી અને ગોવિંદભાઈ પંચાલ પણ જોડાયા. ભક્ત સમાજ ના આપણા સ્વજનો સાથે પારસી, પંચાલ કે વણંદ પરિવાર પણ ગામ સાથે એક થઈ ભળી ગયા. સૌએ સાથે મળી પ્રેમ ને સંપના સુધારા કીધા.

અહીં આઝાદીના સંગ્રામ માટે સરદાર વલ્લભભાઈ પટેલ અને ગાંધીજી, એવા વિભૂતિઓ પણ પગલા પાડ્યા.

આવાં દરેક સ્થાને એક ને એક
વિશેષતા જણાય છે. શાનપ્રતિભા
શ્રી ગોવિંદરામ પંડિતની,
શ્રી તુલસી નાનાની સાધના, શ્રી ગોવિંદદાદા
નો લક્ષ્મણાનંદ કેવો ! માંડોરાજે નામદાર
ઉપર ના લક્ષ્મણ આ સ્થાયામાં જાણ્યો
હજુ આજે પણ ગુંજે છે.
આ સ્થાયામાં બાલમંદિર ના
વૈ. બાપુ ગણીજ્ઞસમાજની પરવડી
ને યુગાનુ એને ઘણા ઘડતી રહી.
હવે વધતે સ્થાને શ્રી વલ્લભદાદા
નો સંતો પ્રત્યેનો પ્રેમ, શ્રી રામદાદાને
ત્યાં ઉજવાતા ઉત્સવો અને એ જ રીતે
ડુંગળી સ્થાને શ્રી ગોપાલભાઈ ખરાદીજી ની
વિશેષતા બાળપણમાં આજે પણ યાદ છે.
ગાંધીયુગ પછી પણ આવો ધર્મની
હવા ફરકતી રહી શ્રી મંગળદાસ બાપા ને
રાધા માઈ હરદાસ અને આ વર્તમાન સમયના
જે સ્વામીનારાયણ સંપ્રદાયના જે યુવાન
સંતો પણ આ જ ધરતીની દેન છે.
શ્રી પરમાનંદ ઈશ્વરલાલ
પણ આધુનિક, ભક્ત, કવિ, લેખક તરીકે
સૌના હૈયે વસી ગયા.
શ્રી સુરેશભાઈ [illegible] રાષ્ટ્રપતિ
એવોર્ડ લઈ આયખાને શિક્ષણ ક્ષેત્રે
નામ રોશન કરી શક્યા.



આ સર્વ વિશેષતા આ ધરતીની
જ છે. આગળીએ, જાળીએ, વધારીએ
કસૂરિયાની પૂર્વજોની એવી
ની સંપત, સર્વ વિશેષતાઓ ને
વર્તમાન સમયમાં શ્રી ઇન્દુભાઈએ જીવંત
રાખી છે. કસૂરિયાની આ
અમૂલ્ય સંપત છે. ઘરાણું ઉંચા
થવાની ધૂણી ધખાવી છે. એવા
શ્રી ઇન્દુભાઈને સૌના વંદન.
એમની સર્વ વિશેષતાનો લાભ લઈને
એ અમૂલ્ય સંપતને સમાજ પૂરતી
વધારીએ.
ઉર્મિના પ્રાર્થના શાળાનું નવ
નિર્માણ કરનાર જગદીશભાઈ ની વિશેષતા
ની પણ નોંધ લેવી જ પડે ને.
યુવા વિદ્યાર્થીના એન્જિ. શ્રી ઈશ્વર
ભાઈ શ્રી રમેશભાઈ કે બાળમંદિર ના
રાષ્ટ્રે શ્રી નટવરભાઈ ને પણ સૌના
પ્રણામ. શ્રી પારૂબેન ચૌધરીની વિશેષતાને
પણ વધાવીએ. વર્તમાન સમયમાં કાર્યરત
એવા સ્વામીનારાયણ મંદિર, યુવક મંડળ
મહિલા મંડળ, પ્રાથમિક શાળા એ સૌ
સંસ્થાની સર્વ પ્રવૃત્તિઓને અભિનંદન
આ સર્વ સંસ્થાઓને જોડતી
કડી શ્રી ઇન્દુભાઈ માટે વિશેષ

પ્રાર્થના કરીએ કે એમના આરોગ્યને
પરમાત્મા સુરક્ષિત રાખે એમના
હાથે ઉત્તરોત્તર સેવાના સત્કાર્યો
થતા રહે. તેઓ આરોગ્યમય જીવન
પામે.

આજના — ફંક્શનના સૌના
આમંત્રણ આપવા સ્વયં કે અનુભાવ કે
ભાઈઓ મંડળ કે સ્વામીનારાયણ મંડળ અનુભાવ
સૌ ઇચ્છતા હતા — છેવટે કે
સુરતવાળાબેન નો પ્રેમભર્યો આગ્રહ
દુરાગ્રહ બની ગયો અને પ્રભુ
એ એમની ઇચ્છા પૂરી કરી

કે સુરતવાળાબેને આભારી એવું
અનુરાગ ગ્રંથ પ્રકાશનો પ્રભુ ના
૨૦ દર્દીઓ ને કાયમી રૂપ આપી
દયા ભાવ ભરી દર્શન ના નામે આજે
કે ... ના લાભાર્થે અર્પણ
કરી રહ્યા છે. કે સુરતવાળાબેન ની
એ ભાવના ભરી સેવા. પ્રભુ
સ્વીકારે અને સર્વ આશીર્વાદ
વરસાવે. એવી પ્રાર્થના

આજે આ સત્સંગના નવા
યુવાન સ્વયંસેવકો કે અનુભાવ કે
અનુભાવ એ સાથે મળીને




ગામ માં પ્રવેશતા જ સૌનું ધ્યાન
કેન્દ્રિત કરે એવી ઇમારત આજે
સ્વજનો માં સંપ ભાવના ને એક
સમાજ માં પ્રગટાવી દીધો. વિવિધ
સ્વભાવ, વિવિધ પરિવાર, વિવિધ સ્થાનના
લોકો એક પરિવાર ને અનુભાવ એ
પોતાના ગામ માં ભવ્ય સ્વરૂપ
ઊભું કરી બતાવ્યું છે. તે અનુભાવ
આપ ની યુવા જાતના મહાન પ્રાપ્તિ
ભી ગણાશે

આજના પર્વ માટે વિશેષ
પધારેલા સૌને અભિનંદન.

પરિવારના ભાઈઓને, બહેનોને,
સુશ્રાવિકાને, અનુભાવ સૌને આભાર
પ્રણામ

આપ સૌએ જે પ્રેમભાવ
દર્શાવ્યો. ભવ્ય સ્વાગત કર્યું
સૌને નડ્યા ને આ ઉત્સવ
ઉજવ્યો આ બધું પ્રભુની કૃપા
વિના શક્ય નથી.

હું પ્રભુ આપ ફંક્શનના
સર્વ સ્વજનો ને, આજે પધારેલ
સર્વ સ્વજનો ને ખૂબ ખૂબ શુભેચ્છા
કરું. શાંતિ અને સમૃદ્ધિ ધરજો


આજના મંગલ પર્વે અમે ભાવિકગણ
રાતે
ૐ મહિલામંડળ
ૐ યુવક મંડળ
ૐ ૐ મા પ્રાથમિકશાળા
ૐ સ્વામીનારાયણ મંડળ
ને આનંદી પ્રસાદી અર્પણ કરીએ
છીએ તે સ્વીકારવા પ્રાર્થના છે
ૐ કાલીમંદિરમાં ગ્રામજનો
એકભાવ અનુભાવ સાથે મળીને
કરેલ સેવાની પ્રવૃત્તિ કાલીમંદિરના
આંગણે જો શરૂ કરશો તો અમારા
લક્ષ્મી ભાવિકગણ રોજ
પ્રસાદ સ્વીકારી એ
પ્રવૃત્તિ ને વેગવંતી કરી શકશો
ફરીફરી ગ્રામજનોનો એક
સમાજનો સર્વ સત્સંગી સ્વજનો
નો પ્રેમભાવ આપને સાદર
પ્રાર્થના કરીએ છીએ કે રોજ
મંગલ કરો રોજ કલ્યાણ કરો
ૐ
ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ



# ॥ 'કર્પૂરવન'માં ભક્તદર્શનપર્વ ॥

કર્પૂરવનમાં પૂજ્ય'મા'ના ષષ્ઠીપૂર્તિ મહોત્સવ-સન્નિધિ પર્વ ઉજવાયાના ૨૦ વર્ષ બાદ તા.૨૨ માર્ચ ૨૦૨૩નો દિવસ અવિસ્મરણીય બન્યો. જેને દર્શનપર્વનું નામ આપવામાં આવ્યું. જેમાં નવરાત્રિ પર્વનો પ્રથમ દિવસ, પૂજ્ય સુશીલાબહેન રચિત પુસ્તકનું વિમોચન અને પૂ.ભીખીબાની પુણ્યતિથિ એમ પર્વોનો ત્રિવેણીસંગમ રચાયો. જેમાં ઘણી મોટી સંખ્યા આશરે ૧૩૦૦ થી ૧૪૦૦ ભાવિક જનોએ પૂજ્ય'મા'નાં દર્શન-સત્સંગનો લાભ લીધો. ૨૨ માર્ચના રોજ નવસર્જિત કાલીમંદિરમાં પૂજ્યશ્રી'મા'નું પ્રાગટ્ય અને બીજે દિવસે ૨૩ માર્ચે જાણે મહોત્સવ ઉજવાયો. 'મા'ના આગમનના આનંદમાં ગ્રામજનોએ શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. જેમાં તેઓ સૌ જોડાયા. યુવક મંડળે કાંસાના સંગીત થકી ભગવાનને આવકારવાના હવેલી સંગીતમાં ભજનો ગાયાં, ધોળ પણ ગવાયાં.

પૂજ્યશ્રી'મા'નું સ્વાગત આવાં પ્રેમભરેલાં પદોથી થયું.

"રાધાજી રે ઘણું હરખ્યાં હે મન
આજે અમારો અવતાર ધન્ય,
પ્રગટ્યાં પૂર્વ જન્મના પુણ્ય
તો પૂરણ બ્રહ્મને પ્રણમીએ રે."

અને ગ્રામજનોનો આ પ્રેમ પૂજ્યશ્રી'મા'ના હૃદયે એ વાંચ્યો અને હૈયું હાથમાં ના રહ્યું. આ પ્રસંગમાં માતૃભૂમિનું ઋણ અદા કરવાનો એક અવસર પૂ.શ્રી'મા'એ જોયો. જાણે એક લહાણુ મળ્યું. એટલે 'મા'એ કહ્યું તમે બધાએ એવો પ્રેમ આપ્યો કે 'મા'ને આજે તો રહેવું જ પડશે.

અમે જ્યાં જન્મ્યાં તે ધરતીનું દરેક ઘર પોતાનું જ કહેવાયને !

એટલે દરેકના ઘરે જવું જ જોઈએ ને !

દરેકને ઘરે એક એક વર્ષ તો રહેવું જ પડશેને ! આ બધી વાત મનથી રહેવાની છે. અમે ના ધારેલો પ્રેમ તમે વરસાવ્યો. પૂજ્ય 'મા'ની ભક્તવત્સલતા તો જુઓ ! પૂજ્ય'મા' કહે છે ગઈ કાલે ''દર્શન પર્વ'' નામ બરાબર હતું ભક્તિભાવભર્યા ભક્તોના એટલે કે તમારા સૌનાં દર્શન કરવા જ પ્રભુએ અહીં અમને મોકલ્યા ! પૂજ્ય 'મા' કહે કે

—''જ્યાં પ્રેમ છે ત્યાં પ્રભુનો વાસ છે''

—કાલીમંદિરમાં સરસ કોઈ પ્રવૃત્તિ ચાલુ કરો.

—'મા'નું ૮૦મું વર્ષ ચાલે છે. ૮૦ વર્ષે પણ 'મા' શીર્ષાસન, કસરતો અને રોજના ૨૨૫ દંડવત્ પ્રણામ કરે છે. તો આરોગ્ય માટે જાગૃત રહેવું.

—કોઈપણ રોગ પ્રવેશે તો આપણને શરમ આવવી જોઈએ.

—રોગની શું તાકાત છે કે આપણા શરીર સાથે રમત રમે ?

—કોણ કોણ રોજ દવા લે છે ?

—ધીરે ધીરે દવાની ગુલામી છોડો તો આરોગ્ય સારું રહે.

—'મા' એકપણ દવા લેતા નથી.

—અમે ૮૦ વર્ષે પણ દોડી શકીએ છીએ.

—આપણી પાસે નોકર-ચાકર છે એટલે શરીર બગડી રહ્યાં છે. વિદેશમાં જે રહે છે તે થોડા-થોડા એક્ટિવ રહે છે ત્યાં જાતે જ બધું કામ કરવું પડે છે. તેથી.

—આ ધરતી સાથે અમારું બાળપણ પથરાયેલું છે. તમે અહીં સરસ સેવાની પ્રવૃત્તિ શરૂ કરશો તો કાલીમંદિર ખુલ્લું રહેશે. પૂજ્ય 'મા'ને ગ્રામજનોનો ગોપીભાવ સ્પર્શી ગયો—ગોપીભાવનો સાક્ષાત્કાર થયો. અને સ્વયં પ્રત્યેક ગોપીના ઘરે ગયા.



તા.૨૩ માર્ચ ૨૦૨૩ના સવારે ૧૦ વાગે કાલીમંદિરથી પૂ.'મા'ની યાત્રા શરૂ થઈ ભક્તના ઘરે ભગવાનનાં પુનિત પગલાંનો પ્રસાદ પહોંચ્યો. પૂજ્યશ્રી'મા' એક પછી એક ગામના દરેક ઘરમાં પ્રવેશે છે અને પ્રત્યેક ઘરના મંદિરમાં 'મા' પ્રભુનું રામદરબારનું સ્વરૂપ પધરાવે છે. જાણે કે પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા કરે છે અને પ્રણામ કરે છે. પ્રાર્થના તો રામદરબારનું, કાલીમંદિરનું ઘરેણું છે. તો દરેક ઘરે વરદ-હસ્તની પ્રાર્થના ગવાય છે.

—જપ કરીને પ્રભુને પ્રસન્ન કરવાનો, સાધના કરવાનો સૂચક સંદેશો પાઠવતી એક નાની માળા પણ 'મા' મૂકે છે.

—સુખ-સમૃદ્ધિ વરદાનના પ્રતીક સમાન શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ પણ મૂકે છે.

—''દર્શન-પર્વ''ની યાદગીરીના પ્રતીક સમાન એક બેગ પણ આપે છે.

—સાથે ચીકીનો પ્રસાદ પણ આપે છે.

વડીલોનું સન્માન કરવાની માતા-પિતાની પ્રણાલીનું પાલન કરતાં ઘરના વડીલોનું શાલ ઓઢાડીને પ્રણામ કરી સન્માન કરે છે.

પૂજ્ય'મા' દરેકના ઘરે પુનિત પગલાં પાડતા જાય છે. અને ઘરના દરેક સભ્યો સાથે સ્લેટમાં લખીને વાતો કરે છે. એકદમ સામાન્ય રીતે સાદી ભાષામાં બધી વાતો થાય છે. કોઈ જ્ઞાનની ગૂઢ વાતો નહીં. પણ પ્રેમથી પોતાના નિકટના સ્વજનની જેમ વાતો થાય છે. ઘણા ઘરે પૂજ્યશ્રી'મા' સોફા ઉપર પણ બિરાજમાન થાય છે અને સૌને સંતોષ ધરે છે. પોતે સૌને મળી શક્યા—કર્પૂરવનના સભ્ય તરીકેની ફરજ બજાવ્યાનો સંતોષ પણ પામે છે. આશરે ૮૫ થી ૯૦ ઘરે જવાનું છે (છતાં કોઈ ઉતાવળ નહીં) હાલના ઘરો ઊંચાં ઓટલાવાળા-વધુ

પગથિયાંવાળાં બન્યા છે છતાં કોઈ ઉતાવળ નહિ, કોઈ વેઠ નહીં. પણ ખૂબ શાંતિથી, ખૂબ પ્રેમથી દરેકને મળતાં.

પૂ.'મા' જટેલાં પણ ઘરે જાય તો દરેક નવા ઘરે નવી તાજગી ! ભરપૂર પ્રસન્નતા ! આનંદિત મુખારવિંદ !.. નાનું બાળક જાણે કૂદી કૂદીને ચાલતું હોય એવી સ્ફૂર્તિનાં દર્શન થતા હતાં આટલા ઘરે જવા છતાં કોઈ થાક, કંટાળો કે આળસ વર્તાતી ન હતી. પૂ.'મા' માનવદેહ લઈને પૃથ્વી પર પધાર્યાં છે તો શરીરની મર્યાદા તો હોય જ ને ! છતાં ગ્રામજનોના પ્રેમ આગળ તે નડી નથી.

પૂ.શ્રી'મા' એક ઘરમાંથી બીજા ઘરમાં પ્રવેશે ત્યાં સુધી બહાર ધૂન, ભજન અને કર્પૂરવનના ધોળ ગવાતા હતા. ખૂબ સુંદર વાતાવરણ લાગતું હતું.

સૌ ગ્રામજનોએ પણ પૂજ્ય'મા'ના સ્વાગતમાં સાથિયા પૂરી, પૂ.'મા'ને તિલક કરતાં, ફૂલની માળા પહેરાવતાં, ફૂલ ધરતાં, દીવા કરી આરતી ઉતારતા, શંખ વગાડતા-એ રીતે પોતાનો પ્રેમ વ્યક્ત કરતાં. પાથરણાં માટે જેની પાસે જે સગવડ હતી તે તમામ પ્રેમથી પાથરી દીધી !

'સૌ જાણે આજે પ્રેમની ગંગામાં સ્નાન કરી રહ્યાં હતાં.

મારો વહાલો આવ્યાની વધામણીજીરે,
સખી આજની ઘડી તે રળિયામણી.
આજ મારે ઘેર પરોણા આવ્યા ભગવાન,
ઝીણી ઝીણી ચોખલીએ ને મોતીડે વધાવ્યા રે,
ઉતારું આરતી શ્રીકૃષ્ણ ઘેર આવ્યા રે.'

પૂ.'મા'એ ૨૦ વર્ષની પ્રાર્થનાનો-પ્રતીક્ષાનો પ્રત્યુત્તર દરેક ઘરને મંદિર બનાવીને આપ્યો.

પૂ.'મા'નો સ્વભાવ છે ખૂબ વરસવાનો આ યોજના મુજબ



પૂ.'મા' દરેક વ્યક્તિને પણ મંદિર બનવાનું દિશાસૂચન કરી રહ્યા છે.

(૧) પૂ.'મા' કહે છે અહીં સરસ સેવાની પ્રવૃત્તિ કરશો તો કાલીમંદિર ખૂલ્લું રહેશે.

(૨) આરોગ્ય સારું રાખવા માટે પણ યુવાનોને જાગૃત કર્યા.

(૩) કાલીમંદિરમાં સત્સંગ થાય. ને સદ્‌ગુણોની ખીલવણી થાય.

(૪) યુવાનો સારો અભ્યાસ કરે એના પર પૂ.'મા' એ ભાર મૂક્યો અને આર્થિક વ્યવસ્થા પણ જળવાઈ રહે તેના પ્રયત્નો કરવા પર પણ ભાર મૂક્યો.

પૂ.'મા' ગરીબ-તવંગર કે નાતજાતના ભેદભાવ વિના સર્વ ઘરોમાં પધાર્યા અને આર્થિક જરૂરિયાતવાળા ઘરોમાં લક્ષ્મીજીનો વધુ પ્રસાદ પણ આપ્યો. વડીલો સાથે જૂનાં સંસ્મરણો વાગોળ્યા કેટલીક બહેનોએ પૂજ્યશ્રી'મા'ના હસ્તાક્ષર પણ લીધા. વડીલોની વિશેષતાઓને પણ યાદ કરી દરેકને સુખઃદુખની વાતો પૂછીને જાણે તેમના જ ઘરના સભ્ય હોય તે રીતે સૌને મળ્યા.

ગ્રામવાસીઓના મન-અંતરના ભાવ જ જાણે ઘણું બધું કરી રહ્યા હતા. એમનું અંતર આનંદથી નાચી રહ્યું હતું. 'મા'ને મનોમન ભેટી રહ્યું હતું. પૂ.'મા'ના સમગ્ર અસ્તિત્વમાં તેઓ ઓગળી રહ્યા હતા. એકાકાર થઈ રહ્યા હતા. દ્વાપર યુગમાં તો સુદામા કૃષ્ણના ઘરે જાય છે અને મેળાપ થાય છે—અનન્ય મૈત્રીનું પર્વ કૃષ્ણના મહેલમાં ઉજવાય છે. જ્યારે આજના આ કળિયુગમાં સતયુગ સર્જાયો ! પૂજયશ્રી'મા' સ્વયં ભક્તના ઘરે શ્રી રામ બની શબરીને મળવા ઘરે ઘરે પધારે છે. રામાયણ કાળમાં જ્યારે શ્રીરામ ૧૪ વર્ષના વનવાસ પછી અયોધ્યા પધાર્યા ત્યારે ઘરે ઘરે દીવા પ્રગટાવ્યા. એજ દિવાળી કહેવાઈ. તો કર્પૂરવનમાં ૨૦ વર્ષે પધારીને દરેકના દિલમાં, દરેકના

ઘરમાં દીવા પ્રગટાવ્યા જાણે કે સત્સંગની, પ્રેમની, સંપની, સેવાની જ્યોત પ્રગટાવી અને સાચા અર્થમાં દિવાળીનું પર્વ સાર્થક કર્યું.

સવારે ૧૦ થી શરૂ થયેલી આ યાત્રા રાત્રે ૮.૦૦ કલાકે પૂર્ણ થઈ. દસ કલાકની યાત્રા પછી પૂ.શ્રી'મા'એ નિર્જળા પૂરી કરી પણ ભક્તોને તો પ્રસાદ મળતો રહેતો હતો.

સૌ ગ્રામજનો 'મા'ને આજીજી કરે છે કે 'ફરી પધારજો ફરી પધારજો'તો 'મા' તેના જવાબમાં પૂજ્યશ્રી'મા' કહે છે ''સંતોના પગલાં યુગો સુધી જવાબ આપે-અમર રહે.''

એટલે વારેવારે આવે કે ના આવે તેનાં પગલાં જ કામ કરે.

—સ્વર્ગારોહણની ધરતી ઉપર ૫-૭ પગલાં જ પૂજ્યશ્રીએ પાડેલાં અને એ જમીન પસંદ કરેલી.

—ને પછી દેહ શાંત કરી દીધો કે આગળનું કામ 'મા' કરશે ને...

—ખાતમુહૂર્ત તો ૧૯૮૪ની ગુરુપૂર્ણિમાના દિવસે થયું.

—માર્ચમાં પૂજ્ય શ્રીએ વિદાય લીધી ને જુલાઈમાં ભૂમિપૂજન થયું.

જ્યારે પૂજ્ય'મા' એ તો ૨ દિવસમાં લગભગ ૨૦ કલાકનું સાન્નિધ્ય અહીં ધર્યું.

પૂ.'મા'—સૌને પૂછે છે તમે બધા 'સ્વર્ગારોહણ' રહેવા ક્યારે આવશો ?

—આ તો ચૂનાના ઘરની વાત છે.

—અમને તો દરેક ઘરમાં પ્રવેશી દરેકના જીવનને ઉપર ઉઠાવવાનું કાર્ય પ્રભુએ સોંપ્યું છે. દરેકના ઘરમાં જવાનું એ પહેલું પગથિયું અને બીજું પગથિયું ''જીવનબારી' ઉઘાડવાનું. બારણું હોય તેમાં નાની તિરાડ હોય તેવી જીવનરૂપી બારણામાં તિરાડ શોધતા રહેવાનું ને ત્યાંથી જીવનમાં પ્રવેશી જવાનું.



તા.૨૨-૨૩ માર્ચ ૨૦૨૩ થી પૂ.'મા'ના સંકલ્પથી શ્રી કાલીમંદિર સત્સંગ અને સમાજસેવાનું સ્થાન બન્યું. શ્રી સુશીલાબેન થકી સત્સંગ પણ શરૂ થયો અને અઠવાડિયામાં મેડિકલ કૅમ્પ (Blood-Urine Checkup)ની પ્રવૃત્તિ શરૂ પણ ગઈ. પૂજ્ય'મા'એ આ રીતે પૂ.કાલીદાસદાદાની વર્ષોની લોકાહિતની પ્રવૃત્તિની પરંપરાને આગળ વધારી.

પૂ.'મા'નું કર્પૂરવનમાં આગમન, સુશીલાબેનનો આગ્રહ— ''ભક્તનો ભગવાન માટેનો પ્રેમ'' ઉપરાંત ભીખીબાની પુણ્યતિથિએ સુશીલાબેન રચીત પુસ્તકનું વિમોચન કરી પૂ.બાને પુસ્તક અર્પણ કરી ખરેખરી શ્રદ્ધાંજલિ આપી. આ રીતે બંને બહેનોએ માતૃઋણ અદા કર્યું.

પૂજ્ય'મા' આટલી ઊંચી કક્ષાએ પહોંચ્યા. છતાં બા-બાપુજીના આપેલા સંસ્કાર મુજબ જ ચાલે છે જેમકે પૂ.બાપુજી પહેલીવાર પરદેશ જતાં પહેલા ગામમાં દરેકના ઘરે મળવા ગયા હતા. અહીં પૂજ્ય'મા' એ સંત હોવા છતાં દરેકના ઘરે પોતાના પાવન પગલાં પાડી જાણે સાત્ત્વિક વર્તુળ ઊભું કર્યું. ૨૦ વર્ષ પછી ગામમાં પેઢી બદલાઈ. એ યુવાનોને પણ પૂ.'મા'એ પ્રેમ અને સંપનો આદર્શ બતાવ્યો. સૌને પ્રેમથી મળી પોતાના કરી લીધા.

પ્રથમ દિવસની 'શોભાયાત્રા' અને બીજા દિવસની 'શુભ યાત્રા' મળી સુંદર મહોત્સવનું સર્જન થયું આ દર્શન તો દેવોને પણ દુર્લભ હશે જે પૂ.'મા'ની કૃપા થકી જ આપણને પ્રાપ્ત થયું. આમ ૨૦ કલાકનું સાન્નિધ્ય આપીને પૂજ્ય'મા'એ ૨૦ વર્ષનો પ્રેમ વ્યાજ સાથે વાળી દીધો.

'કોઈનો ભાર ન રાખે મુરારિ
આપે વ્યાજ સહિત ગિરધારી.'

**શ્રી મયૂરી ટેલર,**

**શ્રી દર્શના ત્રિવેદી**

## ॥ ઝનોરની યાત્રાનાં સુખદ સુમધુર સંસ્મરણો ॥

આપણે સૌના જીવનમાં ઓચિંતી કોઈ સુખદ ઘટના ઘટે કે કોઈ સારા સમાચાર આપણને સાંપડે એના માટે આપણું હૈયું હંમેશાં આતુર હોય છે. અને તે ધન્ય પળે આપણે શું નિર્ણય કરીએ છીએ તે તેના પર નિર્ભર કરે છે. એવો જ એક પ્રસંગ તાજેતરમાં બની ગયો. ઑફિસથી સાંજે સાત વાગ્યે ઘરે આવવાનું બને છે. રોજ કરતાં અડધો એક કલાક મોડું થાય છે. કારણ ગાડીમાં ગૅસ ભરાવવાનો હતો. પહેલાં વિચાર્યું પછી ભરાવીશું, પણ પછી વિચાર્યું કે અચાનક ક્યાંક જવાનું બને તો ગાડી હંમેશાં તૈયાર જ હોવી જોઈએ. એટલું વિચારી ગાડીમાં ગૅસ ભરાવી ઘરે આવું છું. અને આવતાંની સાથે જ એક સુખદ સંદેશો પ્રાપ્ત થાય છે. કે પૂજ્ય'મા' સર્વેશ્વરી ઝનોર બિરાજમાન છે. તેમજ ત્યાં રાત્રે ૮.૦૦ વાગ્યે સત્સંગની બેઠક છે. અને તે સાથે તેજલબેન, તારકભાઈને ફોન થઈ જાય છે. કે સત્સંગમાં જવાનું છે. મારે ઘરે આવો. બને તેટલી ઝડપથી ઝનોર પહોંચી જઈએ અને પૂજ્ય શ્રી'મા'નું સાન્નિધ્ય મેળવી લઈએ. એટલે લગભગ ૭.૩૦ વાગ્યે ઘરેથી પ્રયાણ કરીએ છીએ. પાંચ સાધકો ગાડીમાં પ્રયાણ કરીએ છીએ. રસ્તામાં કાશીવિશ્વેવર મહાદેવનું મંદિર આવે છે. અને ત્યાં શ્રી પૂર્ણિમાબેનનો ફોન આવે છે. કે તમે લોકો ઝનોર જવાના છો ? અમે કહ્યું કે અમે રસ્તામાં જ છીએ તો તેમણે કહ્યું મારે પણ ઝનોર આવવું છે. અને અમારાથી હા પડાઈ ગઈ. પણ આ હા કોણે પડાવી ? કારણ પછી ખ્યાલ આવ્યો કે ગાડી તો ફુલ છે. પછી અમે એમને પૂછ્યું કે તમે ક્યાં છો ? તે કહે હું માંડવી છું. એટલે અમે કહ્યું તમે સીધા ભવન્સ સ્કૂલ રિક્ષામાં બેસીને આવી જાવ તો ઝડપથી



નિકળી જઈએ. એ વખતે રાત્રે ૭.૪૫નો સમય થયો હતો. અને પછી તેમની રાહ જોઈ અમે બધાં ભવન્સ સ્કૂલ પાસે ઊભા રહ્યા હતા. એમણે ૧૦ મિનિટમાં આવવાનું કહ્યું હતું ! પણ લગભગ ૮.૧૫ સુધી એમના દર્શન થયાં નહિ અને મનમાં સતત ઉચાટ થતો કે આ પૂર્ણિમાબેનને ક્યાં હા પાડી દીધી. આપણો સત્સંગનો અમૂલ્ય લાભ પણ આપણે ગુમાવીશું કે શું ? પણ હવે શું થાય. પૂજ્યશ્રી'મા'ને પ્રાર્થના કરી કે સત્સંગ મોડે સુધી ચાલુ રાખજો ? અને ત્યાં તો ઝનોરથી સમાચાર આવી ગયા કે પૂજ્ય શ્રી'મા' બેઠકમાં ૮.૨૦ના સમય પર પધાર્યા છે. જલ્દી આવો. અને પૂર્ણિમાબેન લગભગ રાત્રે ૮.૩૦ વાગ્યે આવે છે. અને આવતાં જ જરા મનમાં થોડો ગુસ્સો આવે છે, કે બહેન ક્યાં હતાં અત્યાર સુધી ? કેમ મોડું થયું ? પણ એ બધા પ્રશ્નો પૂછીએ તે પહેલાં તેઓ કહે છે. કે મારી પર પૂજ્ય શ્રી'મા'નો ફોન હતો. એટલે અમે બધા શાંત થઈ જઈએ છીએ. કે પૂજ્ય શ્રી'મા'નો ફોન આવ્યો એટલે આપણને પૂજ્ય શ્રી'મા'નું સાન્નિધ્ય જરૂર પ્રાપ્ત થશે. અને અમે ૬ જણ ગાડીમાં બેસી ઝનોર તરફ પ્રયાણ કરીએ છીએ. અને પૂર્ણિમાબહેનને પૂજ્યશ્રી'મા'ના પ્રસંગો કહેવા માટે કહીએ છીએ. એટલે પૂર્ણિમાબહેને એમને ઘણા સમય પહેલાં લકવાની અસર થઈ હતી અને પૂજ્યશ્રી'મા'ની કૃપાથી કેવી રીતે ભયાનક પરિસ્થિતિમાંથી ઊગરી ગયાં તે વિગતે વાત કરી રહ્યા હતાં. પરંતુ તે વાત કરે અને કોઈનો ફોન આવે એટલે એમનો એ સત્સંગ થોડોક સાંભળીએ અને પાછો વિક્ષેપ આવે પણ ઝનોર પહોંચ્યા ત્યાં સુધી એ સત્સંગ પૂરો ના થઈ શક્યો. અમે લગભગ રાત્રે ૯.૧૦ની આસાપાસ ઝનોર પહોંચી જઈએ છીએ. જેની આતુરતાપૂર્વક રાહ જોતાં હતાં તે સુખદ ક્ષણો આવી ગઈ ! હવે પૂજ્યશ્રી'મા'ની સત્સંગબેઠકમાં

પહોંચી ગયા. હાશ થઈ ગઈ. પણ અરે આખો હૉલ ખીચોખીચ ભરેલો હતો. બહાર રોડ પર પણ બધાં બેઠાં હતા. અમને પૂજ્યશ્રી'મા'નું દર્શન સહજ અને સરસ થતું ન હતું. એટલે થોડીવાર ઊંચાનીચા થઈ પૂજ્ય શ્રી'મા'નું દર્શન પામવાનો વ્યર્થ પ્રયત્ન કરતાં રહ્યાં. અમારી સાથે આવેલી બહેનોએ તો પૂજ્યશ્રી'મા' સન્મુખ જઈ સ્થાન લઈ લીધું હતું. તે સમયે શ્રી રુચિતભાઈ રઘુનાથજીની વાત કરતા હતા સૌ રસપૂર્વક શ્રવણ કરી રહ્યાં હતાં તે જ વખતે અમારી આ વેદના અને સાત્ત્વિક પ્રાર્થના જાણે પૂજ્ય શ્રી'મા'એ સાંભળી હોય તેમ થોડી જ વારમાં અમને તારકભાઈને અને નિકુંજભાઈને આગળ બોલાવી લે છે. અને આ દિલથી થયેલી સાત્ત્વિક પ્રાર્થનાનો જાણે તત્કાળ પ્રત્યુત્તર મળ્યો. અમને હાશ થઈ કારણ પૂજ્ય શ્રી'મા'નાં દર્શન ખૂબ જ નજીકથી થતાં હતાં. પૂજ્ય શ્રી'મા' મને બોલાવી, હું નાનો હતો ત્યારે ગુંડા ઉપાડી ગયા હતા તે પ્રસંગ કહેવાનું કહે છે. પણ તે પહેલાં પૂર્ણિમાબેનને લકવાનો પ્રસંગ કહેવાનું કહે છે. જે અમે રસ્તામાં અધૂરો છોડ્યો હતો. કેવી કૃપા ! અમે તો જ ક્ષણે વિચાર્યું કે જો પૂર્ણિમાબેનને સાથે ના લાવ્યા હોત તો ? એટલે જે કાંઈ યોજના હોય તે પૂજ્ય શ્રી'મા'ની ઈચ્છાથી જ થતું હોય એમ સ્વીકારવું અને એ જ સત્ય છે. આપણે સત્સંગમાં આપણી જાતે નથી જતાં પણ પૂજ્ય શ્રી'મા' જ આપણને ત્યાં પહોંચાડવાની અનુકૂળતા ધરે છે. એટલે જીવનમાં પૂજ્ય શ્રી'મા'ની ઈચ્છાનો જ જયજયકાર હો. આપણી ઈચ્છાઓનો પરિત્યાગ હો એવો સંકલ્પ કર્યો. વડોદરાનાં ગાયત્રીબેનને પણ પૂજ્ય શ્રી'મા'એ શ્રી ગંગાજીને કરેલી પ્રાર્થનાનો કેવો જવાબ પૂજ્ય શ્રી'મા'એ આપ્યો તે વિગતવાર કહ્યો.

સત્સંગની બેઠકમાં શ્રી દેવેશભાઈ, શ્રી મનીષાબેન તેમજ



વશિષ્ઠ પણ આવ્યાં હતાં પૂજ્ય શ્રી'મા'એ દેવેશભાઈને થોડાં ભજનો ગાવાનું કહ્યું. ત્યાર બાદ તેમનું રુચિતભાઈના હાથે શાલ ઓઢાડીને સન્માન પણ કરાવે છે. અને વશિષ્ઠની વિશેષતાઓને પણ પ્રેમથી વધાવે છે. તેમને કેન્દ્ર સરકાર દ્વારા ઍવોર્ડ લેવા જવા હવાઈ જહાજની ટિકિટ મળે છે. વશિષ્ઠને તબલાં વાદનમાં શ્રેષ્ઠ તબલાંવાદકની શ્રેણીમાં પ્રથમ ઈનામ પ્રાપ્ત થયેલું હોય છે. પૂજ્ય શ્રી'મા' કહે છે કે, અમને તો કોઈ બોલાવતું નથી. પૂજ્ય શ્રી'મા' ફક્ત બે કલાક માટે જ ઝનોર પધાર્યાં હતાં પણ અતિશય પરિશ્રમને લીધે ત્યાં જ વિશ્રામ કરવાનું નક્કી કરે છે. પૂજ્ય શ્રી'મા'ની સેવામાં સતત દિનરાત હાજર રહેતાં દિપુબેનનું નવું ઘર કેટલાય વર્ષોથી પૂજ્યશ્રી'મા' પધારે એની રાહ જોતું ઊભું હતું. આજે એ સૌના ઉપર ગુરુકૃપા વરસી છે. અરે ઝનોર ગામ અને ઝનોરના રસ્તા પણ પૂજ્ય શ્રી'મા'ની દિવ્ય દૃષ્ટિ પામી ધન્ય બન્યું છે. બધાં ગ્રામજનો પણ ધન્ય બન્યાં. ગામનાં સૌ પણ પૂજ્ય શ્રી'મા'નાં દર્શન પામી ભાવવિભોર બન્યાં છે. સૌ ઘેલાં બન્યાં છે. પૂજ્ય શ્રી'મા' બધાંની પ્રાર્થનાના પ્રત્યુત્તર આપતાં રહે છે. સૌની સાત્ત્વિક ઈચ્છાઓ પૂર્ણ કરતાં રહે છે. બસ ! આપણી પ્રાર્થના અટકવી ના જોઈએ. આપણો વિશ્વાસ ડગવો ના જોઈએ. પૂજ્ય શ્રી'મા'એ કહ્યું 'જે જે ભૂદેવો આવ્યા છે. તે સૌ પૂજ્ય શ્રી'મા'ને મળીને પછી જ જાય.' અને ૧૨.૩૦ પછી પૂજ્યશ્રી'મા'નાં આવાસમાં ૧૭ ભૂદેવો હાજર છે. પૂજ્ય શ્રી'મા' અતિ પ્રસન્ન છે. અને દેવેશભાઈ સાથે થોડી વાતો થાય છે. શ્રી રુચિતભાઈ સાથે પણ થોડી વાતો થાય છે. પૂજ્ય શ્રી'મા' સાથે જગન્નાથની યાત્રાનાં સંસ્મરણો તાજાં થાય છે. પૂજ્ય શ્રી'મા' પોતાના સ્વમુખે 'હે જગન્નાથ તારે દ્વાર..' ગાઈને સંભળાવે છે. શ્રી દશરથયાત્રાનાં સંસ્મરણો પણ તાજાં

થાય છે. પૂજ્ય શ્રી'મા' પોતાના સ્વમુખે 'હે જગન્નાથ તારે દ્વાર...' ગાઈને સંભળાવે છે. શ્રી દશરથયાત્રાનાં સંસ્મરણો પણ તાજાં થાય છે. પૂજ્ય શ્રી'મા' તેઓશ્રીનાં ચરણ પર શ્રી સરસ્વતીબેને ચંદનલેપ કર્યો હતો તે પ્રસંગ પણ યાદ કરે છે. તેમજ દશરથના પથ પર પૂજ્ય શ્રી'મા'ની પદયાત્રામાં ૬ ફૂટ લાંબો સાપ જોવા મળે છે. અને તે પદયાત્રાના પથ પર જ દરમાં ભરાઈ જાય છે. પૂજ્ય શ્રી'મા'ના એક હાથમાં પૂજ્ય શ્રી પ્રભુ અને પૂજ્ય શ્રી'મા'ના બીજા હાથમાં સાડીની પાટલીઓ છે. પૂજ્ય શ્રી'મા'નાં શ્રી ચરણોમાં અસંખ્ય ઘા થયેલા છે. તેવી પરિસ્થિતિમાં પ્રભુએ કેવી રક્ષા કરી તે યાદ કરે છે. પૂજ્ય શ્રી'મા' કહે છે. 'અતિશય દુઃખ હોય ત્યારે હૃદયના ઊંડાણથી અને સાચા દિલથી પ્રાર્થના થાય છે. અને મને તે સમયે કબીરજી વાત યાદ આવે 'દુઃખમે સિમરન સબ કરે સુખ મેં કરે ન કોઈ..' દિપુબેનના માતાશ્રી પૂજ્ય શ્રી'મા'ને પ્રાર્થના કરે છે કે મારે ભૂદેવોને શ્રી લક્ષ્મીજી આપવા છે. અને પૂજ્ય શ્રી'મા' એમની પ્રાર્થના સ્વીકારે છે. અને સૌને મસ્તક ઉપર તિલક કરી અને સૌને શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ તેમજ ચૉકલેટનો પ્રસાદ આપે છે. રાત્રે ૧.૩૦ વાગ્યે ઝનોરથી મીઠાં સંસ્મરણો લઈ અને નવરાત્રીમાં સાક્ષાત શ્રી જગદંબાનું દર્શન પામી ધન્ય બનીએ છીએ.' 'હે મા ! આપ આવી રીતે સંનિધિસુખ ધરતાં રહેજો. અમે આપને સતત વીંટળાયેલાં જ રહીએ. એ જ આપના શ્રી અંકે પ્રાર્થના ! આપનાં શ્રી ચરણે અબજો અબજો પ્રણામ કરાવજો એવા આશીર્વાદની અપેક્ષા સહ...આપનો બાળ અશ્વિન...'

**—શ્રી અશ્વિન કાકા**



# ॥ રામનવમી : ચૈત્રી નવરાત્રિ પૂર્ણાહુતિ પર્વ ॥

**('સ્વર્ગારોહણ'ની સત્સંગસુધા)**

[ચૈત્ર નવરાત્રિની પૂર્ણાહુતિએ તા.૩૦ માર્ચ, ગુરુવારના રોજ 'સ્વર્ગારોહણ' તીર્થમાં 'રામનવમી' નિમિત્તે એક વિશેષ કાર્યક્રમનું પૂ.શ્રી'મા'ની પ્રગટ ઉપસ્થિતિમાં આયોજન થયું. તેની 'સત્સંગસુધા' આપણે માણીશું.]

'યોગશૈવલ્યમ્' હૉલમાં પૂ.શ્રી'મા'નું શુભાગમન થાય છે. પૂ.શ્રી'મા' કહે : પરીક્ષા આપવી છે ? તો કેવટ પ્રસંગ, ('રામચરિતમાનસ') મોઢે શરૂ કરો. (હૉલમાં કેવટપ્રસંગ ગવાય છે.)

'મા'— તમે બધાં ૫૦ માર્ક્સે પાસ થઈ ગયા. બીજીવાર ક્લાસમાં આવો ત્યારે મોઢે કરીને આવજો. શા માટે આજે 'મા'એ તેડ્યા હશે ? પ્રસાદ આપવાનો છે ? મેથીપાક કે સાલમપાક ? કયો ભાવશે ? આજકાલ હિમાલયની યાત્રા કરીને સિંહણો મંચ પર ચઢી ગઈ છે. કોણ કોણ યાત્રીઓ પ્રગટ થયાં છે ?

—યાત્રા વિશે BBC મુંબઈ કેન્દ્ર શ્રી પૂજા બોલશે.

(પૂ.શ્રી'મા' તેને પૂછે છે યાત્રા છોડી દઈએ એવું કોઈવાર થયું ? 'ના'. એક નિર્દોષ હાસ્યની વાત કરતાં તે કહે છે પૂ.શ્રી'મા' એ અમને કહ્યું ચા નહિ પણ ચાહ લઈશું.)

આ સંનિધિયાત્રામાં સતત જાગૃતિ અને પ્રભુશ્રદ્ધા દૃઢ કરાવતાં કહ્યું, 'અમારાં ચરણોમાં રહો, 'સ્વર્ગારોહણ' આવતાં રહો.'

'મા'— તા.૨૨મીના કાર્યક્રમમાં મેઘરાજા પ્રગટ થયા.

આજે પણ નગરયાત્રા કરીને પાછા હાજર થયા છે. ૨૨મીએ અમે કહ્યું કોઈ સત્કર્મ કાલીમંદિરને આંગણે શરૂ થશે અને સાત દિવસમાં જ એક સેવાયજ્ઞ શરૂ થયો અને પૂર્ણ પણ થઈ ગયો ! ડૉ. દેવર્ષિ એના વિશે જણાવશે.

[દેવર્ષિ કહે, પૂ.શ્રી'મા' ૨૩મીએ ૮૦ થી ૮૫ ઘરોમાં (કર્પૂરવન) ગયાં હતાં. તેઓશ્રીએ હેલ્થ પ્રત્યે જાગૃત કર્યા તે ઘરોમાંથી દોઢ કલાકમાં ૧૮૦ જણના લોહીના સૅમ્પલ લીધા.]

'મા'–૨૨મીએ કોણ કોણ કર્પૂરવન પધારેલા ? તો તો (બધાંની આંગળી ઊંચી થતાં) ૨૨ના આંખે દેખ્યો અહેવાલની જરૂર નથી પણ તા.૨૩ની વાત શ્રી મયૂરીબેન કરશે.

મયૂરી–૮૦ થી ૯૦ ઘરે પૂ.'મા' પધાર્યાં. (ભક્તદર્શન) સવારે ૧૦ વાગે ઘર ઘરની યાત્રા શરૂ કરી હતી તે રાત્રે ૮.૦૦ વાગે પૂરી થઈ. પૂ.બાપુજી પ્રથમવાર વિદેશયાત્રાએ ગયા હતા ત્યારે કર્પૂરવનમાં ઘરે ઘરે બધાંને મળવા ગયા હતા. ગામલોકોએ પોતાનાં ઘરે શ્રી'મા' પધારે છે તે જાણી પ્રેમાતુર બની પોતાના ઘરોને સુસજ્જ કર્યા હતા.

'મા'–જેને જે કામ પ્રભુ સોંપે તે કરવામાં વિલંબ ના કરવો જોઈએ.

'સુકૃતિ રૂચિતવતી બોલ ને સુકૃતિવતી ગા !'

સુકૃતિ–મારો જન્મ ૧૯૯૫માં. જન્મથી પૂ.શ્રી'મા'નું દર્શનશરણ મળ્યું. મેં 'મા'ને સ્લેટધારી મૌન જ નિહાળેલાં. યાત્રામાં પ્રથમવાર આ રીતે બોલતાં નવાં સ્વરૂપે જોયાં. ગુરુ આપણી સાથે મિત્રની જેમ વર્તે તો આપણે પણ મિત્રની મર્યાદામાં રહીને, એમના ઐશ્વર્યની મર્યાદા જાળવી શિષ્ટાચારમાં



રહેવાનું છે. પૂ.'મા' પ્રભુની શિબિરમાં ૨ મિનિટનું પણ પદ્માસન વાળી નહતાં શકતાં. 'મા'એ સતત પ્રેક્ટીસ કરી તો એક સમયે ૮ કલાક પદ્માસનમાં બેસી શકતાં.

'મા'– યાત્રામાં જે પ્રેમ 'મા' પાસે હતો તે જ છે કે 'મા' બગડી ગયા ? ('મા' કદી બગડી જ ના શકે.)

સુકૃતિ–ટ્રેકીંગમાંથી (યાત્રામાં) અમે આવ્યા ત્યારે જાણ્યું કે 'મા'એ એક પદ લખ્યું છે. જે 'મા'એ અમારી સામે સ્વમુખે એને ગાયું :

**પદ–૧**

હસતાં રમતાં રક્ષાયેલાં,
યાત્રા કરવા ચાલ્યાં.
સંયમ, સાધના સત્સંગ કરતાં,
હરિને મળવા ચાલ્યાં.
હિમગિરિ દર્શન કરવા કાજ
અમે તો છોડ્યાં ઘરનાં દ્વાર
સાદ સુણીને દોડી આવ્યાં
સહિયર શોધી લાવ્યાં.
હિમાલયનો ખોળો ખૂંદવા
ઘરનાં ધંધા ભૂલ્યાં
હિમગિરિ દર્શન કરવા કાજ.
સત્સંગમાં સંબંધ વધાર્યા
સત્સંગી સગાં માન્યાં
વાતો કેરાં વિષયો બદલ્યા

સુખ શાંતિ અમે પામ્યાં
હિમગિરિ દર્શન કરવા કાજ.
કાયાપલટ અમારી કરવા
સાથે મળી અહીં મથતાં
મમત્વનાં બંધનને કાપ્યાં
સદેહે સ્વર્ગે હાલ્યાં
હિમગિરિ દર્શન કરવા કાજ.
સત્સંગના હિંડોળે ઝૂલ્યાં
દુઃખ બધાંયે વળાવ્યાં
સર્વ અંગને સાત્ત્વિક કરતાં
નવો જન્મ અમે પામ્યાં.
હિમગિરિ દર્શન કરવા કાજ.

**૫૬—૨**

[રામનવમીનો આ પ્રસાદ છે. જે કુરુક્ષેત્રમાં પ્રણામ કરતાં રચાયું]

પીંજર લાગે અમને અકારું
સંતનું શરણું લાગ્યું પ્યારું.
ઘરની ફરજો શ્રેષ્ઠ બજાવું
ક્યાંય કદી ના ફસાઉં.
ગુરુઆજ્ઞાને શિર પર ધારું
ઉગરવાનું છે બારું.
પીંજર લાગે અમને....
વારે વારે તેડતાં રહેવું



સંતોને કામ છે સોંપ્યું.
સંત સખીનું કહ્યું કરવાનું
વ્રત અમે તો સ્વીકાર્યું.
પીંજર લાગે અમને...
વળગણોને વળાવવાનું
વહાલ ધરીને બતાવ્યું
તક્ર વચ્ચે નવનીત આ મનડું
યાત્રામાં એ તો ઘડાયું.
પીંજર લાગે અમને...
સત્સંગનું સાત્ત્વિક ગીતડું
ગાયું ને ગવડાવ્યું.
આઠે પ્રહર આનંદે મઢેલું
સર્વેશ્વરી રૂપને માણું
પીંજર લાગે અમને...

'મા'એ—૪૩ સિંહણો અને ૪ સિંહો સાથે ૧૦ દિવસની યાત્રા કરી. યાદી લાંબી થતી હતી ત્યારે 'મા'ને થતું હતું આ 'મા' ૪૩ને કેવી રીતે સાચવશે ? પણ પ્રભુએ ૧૦ દિવસ સૌને સાચવ્યાં. બે બસને પહાડના રસ્તે સાચવી. એક ગાડી અપુભાઈએ તો યાત્રા માટે નવી જ લીધી તે પણ પહાડી માર્ગમાં ફરી આવી. એક પણ લસરકો ના પડ્યો. સર્વ દિશાથી રક્ષાયેલી યાત્રાનો આનંદ હજી સુરક્ષિત છે—સૌને મનમાં ! ૪૩ યુવાન બહેનો 'સ્વર્ગારોહણ'ની સેવા કરવા પણ સજ્જ બનશે એવું લાગે છે.

—સંકલન

## ॥ પૂજ્યશ્રી'મા'નો પ્રેમાદેશ ॥

## ('રામનવમી'નો રામોદ્‌ગાર)

### ['યોગતીર્થ'ની સેવા અને 'સ્વર્ગારોહણ'માં સાધના]

આજે રામનવમીએ વિશેષ રીતે તમને આમંત્રણ મોકલ્યું. 'યાત્રા પછી શું ?' તે પ્રશ્નનો જવાબ લેવાનો છે. યાત્રા કરી આનંદ કર્યો. પાછા ઘરે પહોંચી ગયા, પણ આ આપણા ગુરુદેવે 'સ્વર્ગારોહણ'નું સર્જન કર્યું તેનું શું ? ગુરુદેવનું આ પ્રસાદી તીર્થક્ષેત્ર છે. યાત્રાની ૪૩ બહેનો હવે વિચારશે કે 'સ્વર્ગારોહણ'ને કે 'યોગતીર્થ'ને કેવી રીતે સાચવીશું ? રામનવમીએ સૌને એટલે જ તેડ્યાં કે આપણે સૌ જાગીએ. યોગતીર્થ આપણાં પાંચ સેવકો સાફ કરે તેનાં કરતાં આપણે જ કેમ તે કામ ના ઉપાડી લઈએ ? વિચારજો. યોગતીર્થની સફાઈ કરતાં કરતાં આપણે આપણાં જીવનની પણ સફાઈ કરી લેવાની આ સોનેરી તક છે. ૪૩ બહેનો છે. દરેક શહેરની બહેનો તે તે શહેરના ભાઈઓ સાથે મળીને અહીં સમયપત્રક જ આપી દે કે અમે સફાઈ માટે આ દિવસે મળીશું.

યોગતીર્થ સૌનું છે. સૌની જવાબદારી છે એને સ્વચ્છ રાખવાની. અમને વિશ્વાસ છે કે યાત્રાની બહેનો જરૂર વિચારશે.

એટલે જ રામનવમીએ તેડ્યા. હવે બીજી એકવાત પણ એટલી જ મહત્ત્વની છે. એક આદર્શ વિશ્રામગૃહ બને, સાધનાસ્થળ બને પૂ.શ્રીનું આ સપનું હતું. એમણે જ એમનું સર્જન કર્યું.

પહેલીવાર પ્લાન લઈને 'સત્યપથ'માં મહેતા સાહેબ આવ્યા તો પૂ.શ્રીએ કહ્યું, ૧૦ રૂમ થાય, દરેકને એક નાનો બાગ મળે. દરેકને એક નાનું રસોડું હોય. તો મહેતા સાહેબે કહ્યું આપણી પાસે એટલી જમીન નથી. અહીં સાધના કરવા પણ સૌ સ્વતંત્ર



રીતે રહી શકે. પૂ.શ્રીએ એ હેતુથી જ આ સર્જન કર્યું.

તો 'મા' પૂછે છે કોણ કોણ જૉબ નથી કરતું ? કોણ કોણ નિવૃત્ત છે ? જે જે નિવૃત્ત છે, જેને જેને સાધના કરવામાં રસ છે તે તે નક્કી કરો કે વર્ષમાં અમુક દિવસ 'સ્વર્ગારોહણ'માં સાધના માટે જવું. અહીં આવો જપો, તપો, નિયમો લો અને મથામણ કરી લો.

સંસારમાં જે જે છે તે પણ પીંજર ઉઘાડીને થોડું થોડું ઉડવાનું શરૂ કરો. થાંભલાને પકડીને બૂમો પાડો છો થાંભલો મને છોડતો નથી. અરે ભાઈ તું જ છોડી દેને ! બધી ફરજો બજાવો. બધાને પ્રેમથી જીતી લો. ૩૬૫ દિવસ મળે છે. ૩૬૦ દિવસ સૌની સેવા કરો. માત્ર પાંચ દિવસ તો તમે તમારી સેવા કરી લો. જપ, તપ, પાઠ, પ્રાર્થનાથી જાતને સજાવી લો. અમારાં જયશ્રીબેન સરસ ક્રમ પાળે છે. તેજલબેન પુત્રવધૂ છે. કહે, સારુ. તારે 'સ્વર્ગારોહણ' જવું છે તું જઈ આવ પછી હું જઈશ. કેવો સરસ આદર્શ ક્રમ ! સૌને લાભ સૌને સત્સંગનું સુખ મળતું રહે. 'મા' એવું ઈચ્છે કે ગુરુદેવે આ સ્થાન કર્યું છે તો સૌ અહીં વિશેષ સાધના કે સેવા માટે આવતા રહો.

ઑફિસમાં નોંધાવી દો કે હું મે માં એક માસ આવીશ કે ઑક્ટોબરમાં એક વીક આવીશ. અરે આપણાં પ્રભુભાઈ 'મા'ને પૂછતા હતા મારે અહીં કાયમ રહેવું છે રહું ? એટલે તો આ સ્થાન છે. રહો. આ દેહે કાયમ રહો. જન્મોજન્મ આ ધરતી પર જ રહો. આ તીર્થ સૌનું છે.

આ તીર્થને દરેક વ્યક્તિએ પોતાનું માનીને પોતાની સાધનાથી સજાવવાનું. આજે એક નિયમ લઈને જજો. અહીં દર મહિને કોઈક ને કોઈક સાધક આવે, જપે, તપે ને શાંતિ પામે તો જ આ 'સ્વર્ગારોહણ' સફળ, સાર્થક.

'મા'ની વાત કોને કોને સમજાય છે ? છટકતાં શીખો. સંબંધોમાં અટકતાં શીખો.

અરે ! મારાં મિત્રના ભાઈને ત્યાં લગ્ન છે મારે તો ૧૮ માર્ચે ત્યાં જવાનું છે. તો વિવેક જગાડીને સંબંધોનાં વિસ્તારમાં અટકતા શીખો. આપણા વગર તો મિત્રનો ભાઈ લગ્ન કરી લેશે.

એટલે પસંદગીનાં ક્ષેત્રમાં સાધના તીર્થને પણ યાદ રાખો.

અહીં સેવા અને સાધના માટે આવવું ખૂબ જરૂરી છે.

જે સાધના ઘરે નથી કરી શકતા તે અહીં શનિ-રવિ કે મહિને એકવાર આવીને સારી રીતે કરી શકશો.

કોણ કોણ 'મા'ની યોજના સમજીને વધાવવા માટે તૈયાર થશે ?

પ્રભુને નોંધાવી દો. પ્રભુ એપ્રિલનાં બે દિવસમાં આટલા જપ કરીને જ ઘરે જેવું છે. એ રીતે ટીપે ટીપે સરોવર ભરાતું રહેશે. તમે પણ એક કરોડ, બે કરોડ, તેર કરોડ, કરી શકશો.

સાધના માટે સૌ કોઈ જરૂર વિચારજો. દર મહિને અહીં આ તીર્થને ધબકતું રાખવાનું છે. ઘણાં 'મા'ને કહે છે 'મા' જપયાત્રા અમને ખૂબ ગમે છે. ૐકારમાં મન મસ્ત બની જાય છે.

રામનવમીએ આ બે વાત યાદ રાખો. યોગતીર્થની સફાઈ અને 'સ્વર્ગારોહણ'માં આવીને કરવાની સાધના.

અહીં ૨૦૨૩ તો યાત્રાનું વર્ષ જાહેર થયું છે એટલે ૩૧ ભાઈબહેનો કુરુક્ષેત્ર પણ જઈ આવ્યા. અરે વૅકેશનમાં એક યાત્રા રાજીવભાઈ કરાવશે બાળકોને પણ !

આજે વિજયભાઈ ચીકી આપે છે. મયૂરીબેનના પરિવાર તરફથી એક પ્રસાદ છે. વળી કુરુક્ષેત્રનાં યાત્રી માટે પણ મયૂરીબેન સ્પેશિયલ પ્રસાદ આપવાનાં છે. ૨૨ માર્ચે અપ્પુભાઈએ કર્પૂરવનના દરેક ઘરે એક નાનકડી પ્રસાદી આપી. અહીં પણ 'સ્વર્ગારોહણ'ના ભક્તો માટે મોકલી છે.

આજે દમયંતીબહેન, લતાબહેન તરફથી પ્રસાદ પણ પામ્યા છો. (ભોજન) તીર્થમાં તો લીલાલહેર જ છે.



(હવે તરલાબહેન અને તે પછી શ્રી રાજુભાઈ બોલશે.)

મા—'ગુરુમહિમા' જેને જેને પૂર્ણિમાબહેન તરફથી મળી છે તે ધ્યાનથી વાંચે. ખાસ કરીને અજયભાઈ કલોલા, હેમીસ ને જ્યોત્સ્નાબહેન એ ગ્રંથના એક એક શબ્દને વધાવે, સમજે તો ઉત્તમ !

[તરલાબહેને પૂ.શ્રી'મા' રામકબીરભક્ત સમાજનાં છે એના સંદર્ભમાં કબીરવાણીનો પ્રભાવ તેઓશ્રી પર કેવો સૂક્ષ્મ ઊંડો છે એની વાત કરતાં કહ્યું; શ્રીરામને મૂર્તિમાં સ્થગિત ન કરતાં, રામને હૃદયમાં પ્રતિષ્ઠિત કરી દો, તન-મનમાં, ઉતારી દઈ, નિશદિન 'આતમરામ'ની ઉપાસનામાં ખોવાઈ જાવ કબીરજીનો આ સંદેશ પૂ.શ્રી'મા'એ સંપૂર્ણ આત્મસાત્ કરી લઈ જીવંત માનવધર્મનો મહિમા કર્યો છે.

વળી, તાજેતરમાં જ બહેનો સંસારના સોનેરી પીંજરામાંથી બહાર આવી, આકાશની વિશાળતા, અસીમતાનો અનુભવ લેવાનો અનુરોધ કરી, 'ઊડો, ઊડી શકાય એટલું ઊડો ને પ્રભુને પકડી લો' એ સમજાવવા ખાસ દસ દિવસની યાત્રા યોજી અને પોતે પણ રાતદિન એમની સાથે રહ્યાં.

આ પર્વના સમાપનમાં સર્વમંગલ ટ્રસ્ટના શ્રી રાજુભાઈ કહે છે—આજના પવિત્ર પર્વે ખૂબ પવિત્ર, સમજવા જેવો, જીવનમાં ગ્રહણ કરવા જેવો સંદેશો આપણને 'મા'એ ધર્યો. શ્રી ગુરુપ્રભુએ આ તીર્થનો માત્ર સ્પર્શ કર્યો ને પૂ.'મા'એ આ તીર્થને મહાતીર્થ બનાવ્યું. 'મા' સરળ, સહજ છતાં એટલા ગહન પણ છે. કર્પૂરવન કોઈ સામાન્ય ભૂમિ નથી, પૂ.શ્રી'મા'ના દિવ્ય અવતરણની પવિત્ર ધરા છે તો પોતાનાં આયુષ્યનાં અમૂલ્ય વર્ષોની એકધારી, તપસ્યાથી પૂ.શ્રી'મા'એ 'સ્વર્ગારોહણ'ને પણ અતિ પવિત્ર અને દિવ્ય તીર્થનો મહિમા બક્ષ્યો છે એનાં ગૌરવ ને ગરિમા જાળવવાં એ આપણી ફરજ છે.]

**—સંકલન**

# ॥ પૂ.શ્રી યોગેશ્વરજીનો સૂક્ષ્મ પ્રાગટ્યદિન ॥
## (પૂ.શ્રી'મા'ની દશરથયાત્રાનું ડી.વી.ડી. દર્શન)
### ૧૮ માર્ચ, ૨૦૨૩

આ પવિત્ર દિવસને પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ 'મૌન સાધનાપર્વ' તરીકે ઓળખાવી, એનો મહિમા દર્શાવતાં સ્પષ્ટ સમજાવ્યું કે; 'હવે મૌન સાધના. જાગૃત રહીને જપો. પ્રાર્થના કરો. રૂમમાં પલંગમાં જઈને પોઢવાનું નથી. આંટા મારો. કુટિયામાં, હૉલમાં રહીને પ્રાર્થના, પાઠ, પ્રણામ કરતા રહો. જપ, ધ્યાન, પ્રાર્થના–જેને જે ગમે તે સાધન પકડી લો.'

આ તો ૧૩ નવેમ્બરે ચૅક કર્યું-મેરેથોન દોડ કરીને-જાતે, આજે ચાર મહિના પછી શરીરનું ચૅક અપ કર્યું. દોડી શકાય છે. કોઈપણ ઉંમર હોય ! સાધનાપંથે પણ દોડતા રહેવાનું છે.

અમારા ૨૫ કરોડ અને ૫૧ લાખ જપ પરમ દિવસે જ પૂરા થયા. હવે ૫૦ લાખ બાકી છે. ઑગસ્ટ-૧૫ સુધીમાં પૂરા કરવાની ઈચ્છા છે. તે પછી પ્રાર્થનાના અનુષ્ઠાનનું ક્ષેત્ર પણ વિચારી લીધું છે. ૨૬ કરોડ જપ પછી પ્રાર્થનાનું બીડું ઝડપીશું. બેસી થોડું રહેવાય ? દોડતાં રહેવાનું છે. આગળ પ્રભુ ચાલી રહ્યા છે. ખોવાઈ ગયા છે, શોધવાને માટે આપણે સતત ચાલતાં ને દોડતાં રહેવાનું છે.

ત્યાર પછી પૂજ્યશ્રી યોગેશ્વરજીના અંતિમ પ્રવચનદિનની સમગ્ર દિનચર્યા અને તેના અનુસંધાનમાં પૂજ્યશ્રી'મા' સાથેના અંતિમ સંવાદો અને વિદેશના વિવિધ પ્રસંગો દર્શાવતી ડી.વી.ડી.માં તેઓશ્રીનાં પ્રવચનોના પ્રાણવાન અંશો પણ દર્શાવવામાં આવ્યા.

સાંજના ત્રણ કલાકના વિશેષ કાર્યક્રમમાં શ્રી શાંતિભાઈ કનેરિયા પાસે પ્રભુજીને ફૂલહાર કરાવવામાં આવે છે.



આ અવસરે ઉપસ્થિત શ્રી બાપજી વિશે પૂ.શ્રી'મા' લખે છે : 'પૂ.બાપજી 'અધ્યાત્મજગતની સાચી સંપત' છે, માટે તેમનું સન્માન જરૂરી છે.'

૧૯૮૪-૮૫માં અમે કર્પૂરવન હતાં ને બાપજી અને પંડિતજીને એક કામ સોંપ્યું-દશરથાચલ શોધવાનું, કૉલંબસ અમેરિકા શોધે ને બાપજી દશરથાચલ ! બાપજીના પ્રથમ ચેલા-મિત્ર પંડિતજી એમની પાછળ જ હોય એટલે બંનેએ સજોડે દશરથયાત્રા કરી. તે પછી અમે ૧૯૯૨માં દશરથયાત્રા કરી. જેની આજે આપણને ડી.વી.ડી. મળવાની છે.

અમારાં સાથીઓ હતાં : શ્રી કલ્યાણજી, શ્રી બાપજી, શ્રી પ્રભુભાઈ, શ્રી મહાલતાબહેન, અજયભાઈ, દક્ષેશ, રાજુભાઈ, સંદીપભાઈ-બધા જ જીવે છે.

આ ડી.વી.ડી. જેમની છત્રછાયામાં, જેમના આશીર્વાદ, હૂંફ અને છત્ર મળ્યાં તે શ્રી શાંતિભાઈ કનેરિયા પરદા પાછળ એક પણ તકતી લગાવ્યા વિના, પેપર કે ટી.વી.માં ચમક્યા વિના સતત પડખે ઊભા છે તો આપણે તેમનું સન્માન 'કાયમી સ્વજન' તરીકે કરવું જોઈએ. આજે પણ તેઓ 'સ્વર્ગારોહણ'ની પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રાણ બની વિજયભાઈ સાથે ઊભા જ છે. આપણે શ્રી શાંતિભાઈને 'રક્ષ મામ્'ની શાલ શ્રી કલ્યાણજીભાઈના હાથે જ અપાવીએ.

'આ જ રીતે 'રક્ષ મામ્'ની શાલથી બાપજી, પંડિતજી, કલ્યાણજી અને પ્રભુભાઈને સન્માનવામાં આવ્યા. શ્રી મહાલતાબહેનને પૂ.શ્રી'મા' પોતે શાલ ઓઢાડે છે.'

પૂ.શ્રી'મા'ની સ્લેટ પર હવે લખાય છે : આ ડી.વી.ડી.ના (દશરથયાત્રાની) મુખ્ય ફોટોગ્રાફર તો જાપાનમાં ફરે છે, કાલે બપોરે અહીં પહોંચશે. તેમણે જો વીડિયો ના ઊતર્યો હોત તો આજે

આપણા હાથમાં કશું ના હોત. અજયભાઈએ ઉતારેલી ડી.વી.ડી. પર મુંબઈના શ્રી ગૌરવભાઈએ ખૂબ સરસ કામ કર્યું છે. તો એને સજાવવા શ્રી મિકુલભાઈએ પણ સતત પરદા પાછળ રહીને કામ કર્યું છે. તો વળી મિલનભાઈ અને અભિષેકભાઈએ પણ પોતાનો પૂરેપૂરો સહયોગ ધરીને વિડિયોમાં પ્રાણ ધર્યો છે.

(ડી.વી.ડી.ના નિર્માણકાર્યમાં સહભાગી થનાર આ સર્વનું 'રક્ષ મામ્' શાલ ઓઢાડી, અભિવાદન કરવામાં આવે છે.)

ત્યારબાદ શ્રી મિકુલભાઈ અને શ્રી ગૌરવભાઈ આ નિર્માણ પાછળ કેટલો પરિશ્રમ. કેટલો સમય અને કેટલી શક્તિનો વિનિયોગ કરવો પડે છે તેનો અંદાજ આપે છે.

શ્રી શાંતિભાઈ બાપજીના મસ્તકે ડી.વી.ડી.નો થાળ પ્રતિષ્ઠિત કરે છે ત્યારે બૅકગ્રાઉન્ડમાં 'વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવનસહારો' ગવાય છે. અને સર્વ દશરથયાત્રીઓ મસ્ત બની, કીર્તન અને નર્તન કરે છે. તે અવલોકી 'મા' લખે છે : 'કીર્તન ભક્તિનો નિર્દોષ આનંદ કેવો હોય તેની ઝલક આપણે માણી.'

ઉંમર, પદ, પ્રતિષ્ઠા-બધું જ ભૂલીને ગંગાકાંઠે જે પરમાનંદ માણેલો તેનું સ્મરણ કરાવ્યું.

હવે દશરથયાત્રાનું પહેલું ડી.વી.ડી. દર્શન કરાવવામાં આવે છે. તે પછી યાત્રા વિશેની વાત કરતાં શ્રી બાપજી કહે છે : 'આ અલૌકિક રસામૃતનું પાન કરીને કશું બોલવું ના ગમે. જ્યાં 'મા' હોય ત્યાં આનંદ હોય. આખી યાત્રામાં પૂ.'મા'ના મુખ પર 'અખંડ આનંદ' છે.'

- 'મા'નું નામ ખરે જ રૂપાળું.



- કૃપાનો થાઓ જયજયકાર.

—આ બંને પદો બાપજી ભાવવિભોર બની ગાય છે.

શ્રી કલ્યાણજી પણ દશરથયાત્રાના સહયાત્રી તરીકે પોતાની અનુભૂતિ સુંદર રીતે પ્રસ્તુત કરે છે. તેઓ સુંદર પદગાન કરે છે. 'તમારી કૃપા કદી ના ખૂટે, એ તો અનંત ધારે છૂટે.' હવે 'મા' હસતાં હસતાં હેમલભાઈને કહે છે : આ હૉલમાં એક જ સિંહણ છે. હે હેમલભાઈ ! હરિ ભણી હરણફાળ પણ ભરાવજો.'

'હરિ ભણી તો દોડતાં જ રહેવું પડે. ઊભા રહો તો ભાગ્ય પણ ઊભું રહી જાય ! ચાલતાં રહો તો ભાગ્ય ચાલે ને દોડતા રહો તો ભાગ્ય પણ દોડે.'

પૂજ્યશ્રી જે દિવસોમાં તપ્યા તેની વાતો શ્રી નારાયણભાઈ પાસે હતી. 'પ્રકાશના પંથે'માં એ આપણે વાંચી. હેમલભાઈએ એને દૃશ્ય અને શ્રાવ્યરૂપે આપણી સમક્ષ લાવે છે. હેમલભાઈમાં પણ પિતા ચીમનભાઈનાં શ્રદ્ધા-ભક્તિ જ કાર્ય કરી રહ્યાં હોય તેમ લાગે છે.

શ્રી અજયભાઈએ મણનો ભાર ઉપાડી, ઊંધે પગલે (ડી.વી.ડી. ઉતારવા) તપ જ કર્યું છે. પ્રભુ એની નોંધ લેશે.

આમ, 'દશરથયાત્રા'ની આ અદ્ભુત ડી.વી.ડી. 'પાગલના પગલે' અનેક ભક્તજનોની અનહદ પ્રેમશ્રદ્ધાનું મૂર્ત રૂપ બની છે. અને સૌથી વિશેષ તો પરમ ગુરુવર્યે જે યાત્રા પૂરાં ૭ વર્ષ કડકડતી ઠંડીમાં કૌપીનભેર ઉગ્ર તપસ્યા કરી વીતાવ્યાં. એ પવિત્ર ભૂમિ પર પૂ.શ્રી'મા'એ બળબળતી ગરમીમાં નિર્જળાવ્રત સાથે ખુલ્લે પગે વિચરણ કરી, 'અનુપમ ગુરુભક્તિનું ઉત્તમોત્તમ દૃષ્ટાંત' જગતને ધર્યું.

—સંકલન

## ॥ પૂ.શ્રી'મા' સંનિધિયાત્રા ॥

### (હરિદ્વારથી હરિદ્વાર)

દરેકના જીવનમાં એક સ્વપ્ન હોય. મારે જ્યારે-જ્યારે 'સ્વર્ગારોહણ' જવાનું બનતું ત્યારે પ્રભુની તીર્થસંગિનીનાં (યાત્રાની ગાડીનાં) દર્શન થાય. એટલે અચૂક પ્રાર્થના થાય કે 'મા' સાથે યાત્રા કરવા મળે તો કેવું સારું ! અને એ મારું સ્વપ્ન 'મા'એ આ યાત્રાથકી પૂર્ણ કર્યું.

'મા'ના જ આયોજનથી 'મા'ના જ સંકલ્પથી, 'મા'ની જ કૃપાથી આ યાત્રા થઈ શકી. 'મા'એ જ બધાં યાત્રીઓનાં નામ પસંદ કર્યા અને 'મા'ની પૂર્વતૈયારી ચાલુ પણ થઈ ગઈ. જેમાં બધા યાત્રીઓની આધાર-કાર્ડની કોપી મંગાવવી, ગ્રૂપ બનાવવું વગેરે. યાત્રાની તારીખ નક્કી કરી દેશ-વિદેશ ફોન કરીને જણાવ્યું. સૌની અનુકૂળતા પૂછી યાત્રાનાં સ્થળો નક્કી કર્યા. મુખ્ય તૈયારી 'મા'ની કેવી હોય છે તે જાણીએ તો 'મા'એ યાત્રાના અગાઉથી પ્રણામ પણ શરૂ કરી દીધા.

તારીખ ૧૫-૨-૨૦૨૩ થી ૨૫-૨-૨૦૨૩ જેમાં મુખ્યત્વે જિમ કોર્બેટ (બે દિવસ) નૈનિતાલ (બે દિવસ), અલ્મોડા (ત્રણ દિવસ), હરિદ્વાર (એક દિવસ) અને કુરુક્ષેત્ર (એક દિવસ) એમ કાર્યક્રમ મુકરર થયો.

હરિદ્વાર આર્યનિવાસથી યાત્રા શરૂ થાય તેની આગલી સંધ્યાએ 'મા'એ સરસ સંદેશ આપ્યો કે; 'આ તો જીવ અને શિવનાં લગ્ન છે. બધાં વ્યક્તિગત નિયમો લેજો. ૧૦ દિવસ નિયમોમાં રહેવાની ટેવ પાડજો. નિયમો વાડ બનીને રક્ષાકવચ બની જાય છે. કોઈપણ નિયમ ઢાલ બની જાય છે. આપણે નિયમોથી પ્રભુને બંધનમાં લઈ લેવા જેથી સર્વ દિશાથી રક્ષા થાય.'



પૂજ્ય'મા' તરફથી સૌને શાલ પ્રસાદમાં મળે છે. દરેકને પૂજ્ય'મા' પોતાના વરદ હસ્તે પહેરાવે છે, ધબ્બા મારીને આશીર્વાદ આપે છે. (સૌ એ શાલ પહેરીને બેઠા છે.) 'મા' કહે, ''બહારથી તો સજ્જ થઈ ગયા, કેવા સરસ દેખાઓ છો ! તો અંદરથી પણ સજ્જ થઈ જજો.''

યાત્રામાં નીકળતાં પહેલા પૂજ્ય'મા'નાં દર્શન કરતાં સૌ યાત્રીઓ બેઠા છે 'મા' કહે; 'ઘર પીંજર છે, સંસાર છે, એને છોડાવવા જ ગંગાજી તેડયાં છે. સંસારને ટેવ પડી છે કે, લગ્ન જ એક સુરક્ષિત પીંજર છે એ સોનાનું પણ પીંજર છે. પ્રભુએ કૃપા કરી ૧૦ દિવસ ઉડવા માટે ખોલ્યું છે. તો બંને પાંખે ઉડજો..ખૂબ ઊંચે ઊંચે ઉડજો..પ્રભુને પકડવાના પ્રયત્ન કરજો.'

યાદ રાખવું, પીંજર તો જનમોજન્મનું છે. આ દેહનું પણ પીંજર છે, એને પણ છોડવાનું છે. ૧૦ દિવસ 'તોડો અને જોડો'નું સૂત્ર અપાયું.

પ્રાર્થના : 'હે પ્રભુ સૌને સંસાર ભૂલાવજો
તમારા સ્મરણે મસ્ત બનાવજો
સાથે રહીને હરિ ભણી હે હરિ વાળજો
અને વહાલથી વધાવજો.'

'મા' સાથે ગ્રૂપફોટો બસની આગળ પાડ્યો. યાત્રાની શરૂઆત 'વરદ હસ્ત'ની પ્રાર્થનાથી થઈ.

આ યાત્રામાં બે નાની બસ હતી. (૨૭ સીટર) એક બસમાં 'વસંત' અને બીજી બસમાં 'પાનખર'. એમ બે ગ્રૂપ હતાં. બસની ઉપર 'ૐ 'મા' ગ્રૂપ-૧' અને 'ૐ 'મા' ગ્રૂપ-૨' એમ બેનર્સ લગાવ્યા હતા. આ આખી યાત્રા દરમ્યાન બંને બસમાં સતત કીર્તન, દરરોજની સ્વર્ગારોહણની પ્રાર્થના, ભજનોની

અંતાક્ષરી ઉપરાંત દરેકના 'મા' સાથેના અનુભવોની મોજ માણી. વળી સમૂહમાં ૧૧ 'વરદ હસ્ત'ની પ્રાર્થના પણ કરતાં.

હરિદ્વારથી યાત્રા શરૂ થઈ. શિવરાત્રિ નજીક હોવાથી કાવડયાત્રાનાં દર્શન થયાં. જેને લીધે રસ્તો થોડો બદલાયો. જે કાચો અને ખાબડ-ખૂબડવાળો હતો. છતાં પૂજ્ય 'મા' તો મસ્તીથી નિરાંતે પદ લખતાં હતાં. જાણે કે બહારની પરિસ્થિતિ 'મા'ના મનને જરા પણ વિક્ષેપ પહોંચાડતી ન હતી.

"અમે તો મસ્ત બનીને ડોલ્યાં,
હરિએ ઘર અમારાં સંભાળ્યાં.
ખાબડ-ખૂબડ વચમાં આવ્યા,
હરિએ વાટે ચઢાવ્યાં.
વાદ્ય સઘળાં શાંત સૂતેલાં,
હરિએ સૂર રેલાવ્યા..."

'મા'નો સ્વભાવ છે કે સારી વસ્તુની લહાણ કરવી. તો 'મા'એ ગાડી ઊભી રખાવી અને સૌને બોલાવીને સ્વયં પદ ગાઈને સંભળાવ્યું.

આ રીતે વારંવાર પદ-પ્રસાદી યાત્રા દરમ્યાન મળતી રહી. 'મા' વારંવાર યાદ અપાવતાં.

- પોતે પોતાનામાં મગ્ન, પોતે પોતાનામાં મસ્ત.
- આવ્યાં છો તો આનંદથી, મસ્તીથી દરેક દિવસને માણી લો.
- ફરો, જુઓ, જમો અને સત્સંગ કરો.

યાત્રા દરમ્યાન દરરોજ સવાર-સાંજ પ્રાર્થના થતી. એક દિવસ મારી તબિયત જરા ઠીક ન હતી. તો સાંજની પ્રાર્થનામાં મારાથી જઈ શકાયું નહિ. તે બેઠકમાં પૂજ્ય 'મા' પધાર્યાં, પછી હું પણ તે પ્રાર્થનામાં જોડાઈ. તો સૌ પ્રથમ 'મા'એ કહ્યું કે 'પ્રાર્થનામાં જે-જે



ન હતાં તે હૉલ છોડીને જાય.' હું ઊભી થઈ ને બહાર જતી હતી તો 'મા'એ પૂછ્યું કેમ ? બીમાર છે ? મેં કહ્યું મને જરા ઠીક નથી લાગતું. તો 'મા' કહે 'તાવને સલામી ભરવા મયુરી જ વાંચે.' પછી 'પડદા ઓથે પ્રભુ'નું વાંચન કરાવ્યું. શરૂઆતમાં ધીમે બોલાતું હતું પણ જેમ-જેમ વાંચન થતું ગયું તેમ-તેમ જાણે તાવ-અવાજ-નોર્મલ થવા માંડ્યો જાણે કે 'મા'એ તે તાવને ભૂલાવી દીધો અને મારા મનને સત્સંગમાં વાળી દીધું. ત્યારબાદ તો લગભગ ૫૦ મિનિટ સુધી ઊભા રહીને વાંચન થઈ શક્યું.

ત્યારબાદ 'મા'એ કહ્યું 'આપણે આપણું મન શરીરમાંથી ઉપર બીજે લઈ જવાનું છે.'

- અનંત જન્મોથી મન શરીરના-દેહના જ જપ કર્યા કરે છે.
- કૂતરાને પણ પોતાનો દેહ ખૂબ ગમે, તો કીડીને પણ પોતાનો દેહ ખૂબ ગમે.
- માનવમનને પણ પોતાનો દેહ ખૂબ ગમે, એટલે તો દરેક રૂમમાં મોટા-મોટા અરીસા મૂક્યા હોય છે !
- પોતાનું પ્રતિબિંબ જોવાનું બાળકને પણ ગમે.

આ રીતે પૂજ્ય 'મા' ટકોર કરીને, સમજાવીને, પટાવીને અમારા મનને ઉપર ઉઠાવવાના પ્રયત્નો કરી રહ્યાં છે. વળી વાંચન પૂરું થતાં ફરી 'મા' પૂછે છે કે તાવ ૫૦% ગયો ?

**"ખંખેરતાં રહેવું" :**

- જેને જેટલું મહત્ત્વ આપો, તેનું તેટલું રાજ આપણા પર ચાલે.
- પતિને મહત્ત્વ આપો તો પતિનું રાજ.
- બાળકોને મહત્ત્વ આપો તો બાળકોનું રાજ.
- સૌને લક્ષ્મણરેખા ઉપર જ માણવા.

યાત્રા દરમ્યાન પૂજ્ય 'મા'ના જીવનના વિવિધ પાસાં જોવા

મળ્યાં, જાણવા મળ્યાં, નજીકથી અનુભવવા મળ્યાં.

જાણે કે આ યાત્રા **"પ્રકાશપંથની જીવંત યાત્રા"** હતી.

આ યાત્રામાં પૂજ્ય'મા'એ ખૂબ ભાથું પીરસ્યું. પ્રભુપંથે કેવી રીતે પા-પા પગલી પાડવી તે શીખવ્યું, સાથે રહીને શીખવ્યું. 'પડદા ઓથે પ્રભુ'માંથી પહેલા દર્શનના વાંચન દ્વારા શીખવ્યું- જેમાં પૂજ્ય 'મા'એ કરેલ પ્રભુના પ્રથમ દર્શનની વાત હતી. વળી બીજું દર્શન તો બીજા વર્ષે (આશરે ૯ થી ૧૦ મહિના પછી) છતાં પ્રભુ પ્રત્યેનું આકર્ષણ ઓછું થયું નથી અને વધારે જાગૃતિ સાથે બીજા દર્શને ગયાં.

આ લેખન જ (પડદા ઓથે પ્રભુ)નું આધ્યાત્મિક માર્ગે જવા માટેનું પ્રવેશદ્વાર અને પ્રભુ પ્રત્યે પ્રેમ જગાડવા માટે ઉત્તમ છે. પ્રભુના પહેલા દર્શનથી જ 'મા'એ પ્રભુને પોતાના જીવનમાં સ્થાન આપ્યું અને પ્રિયમાંથી પરમપ્રિય બનાવ્યા.

'મા'ના જીવનમાં જોઈએ તો 'મા'એ સેવાની તક કદી ગુમાવી નથી પછી ભલે તે સેવા નાની હોય !

- પ્રભુની કોઈપણ વસ્તુને પ્રભુ સમાન જ માનીને આદર કર્યો છે.
- 'શ્રેય અને સાધના' પુસ્તક પણ એક જ દિવસમાં વાંચીને પરત કર્યું.
- પ્રથમ દર્શનથી જ 'મા'ને પ્રભુ પ્રત્યેની તાલાવેલી- તિતિક્ષા-આકર્ષણ-પ્રેમ-આદરભાવ. પ્રભુના સાહિત્યને ખરીદીને તેનું વાંચન કરવાની લગની. પ્રભુ વિષે વધુ જાણવાની જિજ્ઞાસા, પ્રવચનો યાદ ન રહે તો તેને લખવાની શરૂઆત કરી.
- જાણે કે પ્રથમ દર્શનથી જ 'મા' પ્રભુની આસપાસ વીંટળાઈ ગયા-વિચારોથી, પુસ્તકવાંચનથી, દર્શનથી, પ્રવચનોથી. સતત ને સતત પ્રભુનું ચિંતન કરીને 'મા'ના વિવિધરંગી વિષયરસો સહજ રીતે છૂટતા ગયા ને પ્રભુ તરફ જ વળતા ગયા.



આ યાત્રામાં ઘણા યાત્રીઓની ઘણીબધી પ્રાર્થના સંભળાઈ. પ્રશ્નોત્તરી દ્વારા પણ ઘણી ગૂંચોના ઉકેલ સૌને મળી ગયા. જીમકોર્બેટમાં રાત્રિબેઠક ખાસ પ્રશ્નોત્તરીની રહી. ઠંડીને લીધે તાપણું ચાલતું હતું, સૌ 'મા'ની ફરતે બેઠા હતાં, 'મા'નું સહજ દર્શન, પ્રસન્નવદનવાળું દર્શન. આનંદિત મુખારવિંદનું દર્શન કરતાં કરતાં આવી અમૂલ્ય ક્ષણનો લહાવો માણતાં ધન્યતા અનુભવતાં હતાં. કોઈને પ્રશ્ન પૂછતાં સંકોચ ન થયો. 'મા'એ ખૂબ હળવી શૈલીમાં સમજ પડે તેવી સરળ ભાષામાં સૌને સંતોષકારક ઉત્તરો આપ્યા. આ પ્રશ્નોત્તરીની ખાસ વિશેષતા એ છે કે પૂજ્ય 'મા'એ સ્લેટ-સંગિની વગર સ્વમુખે આ ઉત્તરો આપ્યા ! જાણે કે દિવ્યવાણી પૂજ્ય 'મા'નાં દર્શન કરતાં-કરતાં અમે સૌ સાંભળીને ધન્ય થઈ ગયા હતાં.

બસ આનંદ...આનંદ...આનંદ...

દિવ્યતા...દિવ્યતા...દિવ્યતા...

શાંતિ...શાંતિ...શાંતિ...

'મા'ના એક સંકલ્પથી ૪૩ બહેનો 'મા' પાસે એકત્રિત થઈ ગઈ. જેમાં ૧૪ યાત્રીઓ તો પરદેશથી ખાસ આ યાત્રા માટે જ આવ્યા હતા.

વળી એક મોડી રાત્રે તો જાણે ભજનસંધ્યાનો ઉત્સવ પણ ઉજવાયો. દિશા અને સુકૃતિએ પૂજ્ય 'મા'ના પ્રાગટ્ય દિવસે ૧૩મી નવેમ્બરે ૮૦ પદોની પુષ્પમાળા પૂજ્ય'મા'ને અર્પણ કરી હતી તે પદોરૂપી પુષ્પ અહીં પણ જાણે ખીલી ઊઠ્યાં.

પૂજ્ય'મા'નાં દર્શન કરતાં કરતાં સૌ જાણે ડોલી ઊઠ્યા. ઉપરાંત, યાત્રાથી આવ્યા બાદ પણ કર્પૂરવનની સહેલીઓએ (યાત્રીઓએ) પણ 'મા'નાં પદો ગાયાં. આ રીતે દેશ-વિદેશના બધા યાત્રીઓએ ભેગા થઈને પ્રાગટ્યોત્સવ ઉજવી શક્યા.

આ યાત્રામાં વિવિધ પ્રસાદોનો આનંદ માણ્યો. જેમકે, 'મા'ના દર્શનનો, સત્સંગનો, દ્રષ્ટિનો, પ્રસન્નતાનો, આનંદનો, દિવ્ય અનુભવોનો, મીઠી મધુર વાણીનો, પડદા ઓથે પ્રભુનો, ''મા' સર્વેશ્વરી એક પરિચય'નો, તાજા લખાયેલાં પદોનો. 'મા'નું સતત આનંદસ્વરૂપ વિલસતું રહ્યું. ઉપરાંત વિધવિધ જાતના ભૌતિક પ્રસાદો પણ પામ્યા.

આ યાત્રામાં સૌ યાત્રીનું લક્ષ્યબિંદુ 'મા'...'મા'...'મા'.. જ હતું. એટલે બીજા બધા વિષયો-વસ્તુ-પરિસ્થિતિ ગૌણ બની ગયા હતા.

રાત્રિ જપયાત્રા પણ થઈ શકી. બીજા સ્થાનોની જેમ અલ્મોડામાં પણ રહેવાની વ્યવસ્થા ખૂબ સરસ હતી. શાંત, કુદરતી વાતાવરણ હતું. સવારે તો સૌના રૂમની બારીમાંથી જ હિમાલયનું દર્શન, હિમાચ્છાદિત હિમાલયનું દર્શન થતું હતું. તો આવા સુંદર અલૌકિક વાતાવરણમાં 'મા' સાથે જપયાત્રાનો આનંદ પણ માણવા મળ્યો.

'મા' સાથેની આ સંનિધિયાત્રા પૂરી થઈ નથી અને થઈ શકે જ નહિ. મનથી અમે આ યાત્રામાં જોડાયેલાં જ છીએ. દરરોજ યાત્રાનો એક પ્રસંગ કે એક વાક્ય કે એક શબ્દ પણ યાદ કરીશું તો 'મા' સાથેની આ યાત્રા કાયમ ચાલુ જ રહેશે.

આ ઉપરાંત બીજી પણ એક નાનકડી યાત્રા થઈ, એક એવા ભાવ સાથે કે કુરુક્ષેત્રમાં કદાચ એકાદ રજકણનો સંસ્પર્શ થઈ જાય. જ્યાં સ્વયં કૃષ્ણ ભગવાનનાં પગલાં પડ્યાં હતા. જ્યાં



મહાભારતનું ૧૮ દિવસનું યુદ્ધ થયું, જ્યાં શ્રીકૃષ્ણે અર્જુનને 'ગીતા' સંભળાવી સંદેશો આપ્યો. તે ઐતિહાસિક દર્શનયાત્રા થઈ, સ્મરણયાત્રા થઈ. ખરેખર સુંદર જગ્યા છે. ત્યાં રહેવા માટેની ઘણી રૂમો છે. સંતનિવાસ પણ સુંદર છે. અહીં 'જીયોગીતા' નામનું ભવન છે. જ્યાં લાઈટ શો બતાવવામાં આવે છે. જેમાં શ્રી કૃષ્ણનું વિશ્વરૂપ દર્શન પણ માણવા જેવું છે. ઘણી બધી ગીતાવિષયક માહિતી આ સ્થળેથી પ્રાપ્ત થાય છે.

'મા'એ પણ આ બધું ખૂબ શાંતિથી નિહાળ્યું, આનંદ અનુભવ્યો. ભારતમાં આવું સ્થાન જોઈને જાણે ગૌરવ અનુભવ્યું. સૌએ આવા સુંદર, ઐતિહાસિક સ્થાનની મુલાકાત અવશ્ય લેવી જોઈએ એવું ચોક્કસપણે અનુભવ્યું. ઉપરાંત અહીં પેનોરમાં પણ જોવા જેવું છે. જેમાં મહાભારતનું ૧૮ દિવસ યુદ્ધ થયું તેની વિગતવાર માહિતી દ્રશ્ય સાથે દર્શાવવામાં આવ્યું છે. જે દર્શનીય છે. ઉપરાંત રાત્રે લેસર શો પણ જોવા જેવો છે, જેમાં શ્રીકૃષ્ણ અને અર્જુન રથમાં આવે છે તે અત્યંત આબેહૂબ અને જીવંત છે. અહીં શ્રીકૃષ્ણનું સુંદર મંદિર પણ છે અને મંદિર તરફથી જ ભોજનની પણ વ્યવસ્થા હોય છે. અહીં પાઠશાળાના વિદ્યાર્થીઓ ગીતાનો પાઠ નિયમિત કરે છે. પાઠશાળામાં ૫૫ જેટલા બાળકો અભ્યાસ કરે છે. 'મા'એ અહીં સત્કર્મ કરાવ્યું ઉપરાંત હરિદ્વાર ગયા પછી પણ પાઠશાળાના વિદ્યાર્થીઓ માટે ધોતી અને ઝભ્ભા પણ મોકલ્યા !

આપ્યા જ કરે, આપતાં થાકે નહિ એ આપણાં 'મા' ! 'મા' આવી યાત્રાઓ કરાવતાં જ રહેજો. આપનું સંનિધિ સુખ આપતાં જ રહેજો. આપનાં શ્રીચરણોમાં અમારા સર્વના 'લક્ષકોટી પ્રણામ !'

**–શ્રી મયૂરી ટેલર**